**આજનો સુવિચાર**

જિંદગી ખુલ્લી કિતાબ છે એનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૪ જૂનાગઢ તા.૩૦-૧૧-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 294, Junagadh : Date : 30 November, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## તેલંગાણાની ૧૧૯ બેઠકો પર યોજાઈ રહેલું મતદાન આજે સાંજે પાંચ રાજયોનાં એકઝીટ પોલ : ભારે ઉત્કંઠા



હૈદરાબાદ તા. ૩૦ પાંચ રાજયોની વિધાનસભા ચુંટણીમાં આજે અંતિમ રાજય તેલંગાણાની ૧૧૯ બેઠકો માટે મતદાનનો પ્રારંભ થતા જ વેગ જોવા મળ્યો છે. આજના મતદાન બાદ સાંજે ૬ વાગ્યા બાદ તમામ પાંચ રાજયોના એકઝીટપોલની ઉતેજના સાથે તા.૩ના મતગણતરીનો સસ્પેન્સ પણ ચાલુ થઈ જશે.

લગભગ દોઢ માસ લાંબા પાંચ રાજયોની વિધાનસભા ચુંટણી જંગમાં ત્રિપાંખીયો જંગ છે. જેમાં શાસક ભારત રાષ્ટ્ર સમીતી, વિપક્ષ કોંગ્રેસ અને દક્ષિણમાં ઘુસવા માટે પ્રયત્નશીલ ભાજપ હાલ મેદાનમાં છે. ખાસ કરીને મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ માટે ભવિષ્યની મોટી ભૂમિકા માટે તેમના જ રાજયમાં સતત ત્રીજી વખત સતા જાળવવી જરૂરી છે તો કર્ણાટકમાં પ્રચંડ વિજય બાદ હવે કોંગ્રેસ તેનું આ રાજય પણ બીઆરએસ પાસેથી આંચકવા માંગે છે. જયારે ભાજપ આ બન્ને વચ્ચેની જબરી ટકકરમાં તેની સ્થિતિ સુધારવા આતુર છે. જેમાં મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ બે બેઠકો પર ચુંટણી લડી રહ્યા છે. કોંગ્રેસ વધુ એક વખત તેના સ્થાનિક નેતૃત્વને સહારે છે અને ભાજપ મોદીના કરીશ્માના આધારે ચુંટણી જીતવા માંગે છે. તેલંગાણામાં શાંતિપૂર્ણ મતદાન ચાલી રહ્યું છે.

## સુરતની કેમીકલ કંપનીમાં ભયંકર આગમાં ૭ કામદારોનાં હાડપીંજર મળ્યા : ૨૭ ઈજાગ્રસ્ત

સુરત તા. ૩૦

સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એથર ઈન્ડસ્ટ્રી કેમિકલ કંપનીમાં મંગળવારની મોડી રાત્રે ભયંકર બ્લાસ્ટ સાથે ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનામાં મોડી રાત્રે કંપનીમાં કામ કરતા કામદારોની ચિચિયારીઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. આ ઘટનામાં લાપતા થયેલા ૭ કામદારોના આજરોજ કંકાલ મળી આવ્યા છે. તમામ મૃતદેહોને પી.એમ. માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં ૨૭ જેટલા કામદારો દાઝ્યા છે. જેમાંથી આઠથી વધુ કામદારો ગંભીર રીતે દાઝી જતા હોસ્પિટલની અંદર સારવાર લઈ રહ્યા છે. કામદારો ૭૦થી ૧૦૦ ટકા સુધી દાઝી જતા જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે.

આ અંગે સુરત પોલીસ DCPએ જણાવ્યું હતું કે, કંપનીમાં કામ કરતા કર્મચારીઓ ગુમ હતા. જેમાં કંપનીમાંથી આજરોજ સાત માનવ કંકાલ મળ્યાં છે. આ કંકાલોને પી.એમ. અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

એથર ઈન્ડસ્ટ્રીઝના સભ્ય કમલ તુલસીયાને જણાવ્યું હતું કે, જેટલા કામદારો લાપતા થયા હતા, તેમના એક બાદ એક મૃતદેહ મળ્યા છે. ગઈકાલે જ અમે ૭ લોકોને આઈડેન્ટીફાય કર્યા હતા, તે પ્રમાણે સાત મૃતદેહ મોડી રાત્રી સુધી સર્ચ કર્યા બાદ મળી આવ્યા છે. તેમના પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી દેવાયા છે. જેમના મૃતદેહ મળ્યા છે, તેમની અંતિમ વિધિ માટે કંપની દ્વારા ૨૫-૨૫ હજાર આપવામાં આવી રહ્યા છે. જે લોકોના મૃત્યુ નીપજ્યા છે, તેમને કેટલું વળતર મળશે તે અંગેની પણ ચર્ચા અમે કરી રહ્યા છે. સરકારી તંત્ર સાથે જે પણ મળવાપાત્ર રકમ છે તે આપવામાં આવશે. એ ઉપરાંત કંપની પોતાની તરફથી પથી ૧૦ લાખ રૂપિયા સુધીની રકમ આપવાનો નિર્ણય કરી રહ્યા છે.

## ટાટા ટેકનોલોજીનાં શેરએ રોકાણકારોને બખ્ખા કરાવી દીધા રૂા. ૫૦૦ની સામે ૧૨૦૦નો ભાવે ધમાકેદાર લિસ્ટીંગ

મુંબઈ તા. ૩૦ :

ટાટા ગ્રૂપનો મોસ્ટ અવેઈટેડ Tata Technologies IPO આજે, ગુરુવાર ૩૦ નવેમ્બરે BSE અને NSE પર લિસ્ટ થયો. કંપનીના શેરનું ધમાકેદાર લિસ્ટિંગ થયું છે. ટાટા ગ્રુપનો આ શેર ૧૪૦%ના પ્રીમિયમ સાથે BSE પર રૂા. ૧૧૯૯.૯૫ પર લિસ્ટ થયો હતો. તે જ સમયે, કંપનીના શેર NSE પર ૧૪૦ ટકાના પ્રીમિયમ સાથે રૂા. ૧,૨૦૦ પર લિસ્ટ થયા હતા.

લિસ્ટિંગના થોડા સમય પછી, BSE પર આ શેર તેમની ઈશ્યૂ કિંમતથી લગભગ ૧૮૦ ટકા વધીને રૂા. ૧૩૯૮ થઈ ગયા હતા. Tata Technologies IPOની પ્રાઈસ બેન્ડ ૪૭૫-૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. તદનુસાર, રોકાણકારોએ લિસ્ટિંગના પહેલા જ દિવસે જંગી નફો કર્યો હતો.૧૮ વર્ષ બાદ ટાટા ગ્રુપની કોઈ કંપની શેરબજારમાં લિસ્ટ થઈ છે. અગાઉ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના શેર ૨૦૦૪માં લિસ્ટ થયા હતા.

## બેન્ક એકાઉન્ટ ભાડે આપનારા પર તવાઈ : ૩ લાખ ખાતા બંધ કરાયા

નવી દિલ્હી,તા. ૩૦

સોશિયલ મીડિયાના જુદા જુદા પ્લેટફોર્મ પર જુદી જુદી પ્રોડક્ટસનું વેચાણ કે જાહેરાત થતી હોય છે. કોઈ ચીજ વસ્તુઓ ભાડે આપવાની પણ જાહેરાત થતી હોય છે. હવે સાયબર ગઠિયાઓ-કૌભાંડીઓ મલ્ટી ટ્રાન્જેક્શન માટે બેંક એકાઉન્ટસ પણ સોશિયલ મીડિયાની મદદથી આપી રહ્યા છે.

તાજેતરમાં જ ગાંધીનગર પોલીસે ટેલિગ્રામના એક ગ્રૂપની તપાસ કરી લાખો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ ગ્રૂપના ભેજાબાજ સંચાલકોએ ૬૦૦૦ સભ્ય બનાવ્યા હતા અને ૧૨ લાખ બેંક એકાઉન્ટ ભાડે આપવાનો ગોરખધંધો આદર્યો હતો. સાયબર ફ્રોડ ઉપરાંત કર ચોરી માટે પણ આવા બેંક ખાતાઓનો ઉપયોગ થતો હોવાની આશંકા સાથે ઈનકમ ટેક્સની ટીમે પણ તપાસ શરૂ કરી છે. ઘણા લાંબા સમય સુધી બેંક એકાઉન્ટ ભાડે આપવાની પ્રવૃત્તિ પર વોચ રાખ્યા બાદ ગુજરાત આયકર વિભાગ દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટને આધારે આવા ૩ લાખ બેંક એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યા હતા.

## આતંકી પન્નુની હત્યાનું કાવતરૂ ભારતમાં ઘડવામાં આવ્યું હોવાનો મિત્ર અમેરીકાનો આરોપ : તપાસ સમિતિની રચના

વોશિંગ્ટન તા. ૩૦ : ખાલિસ્તાની નેતા અને આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાને લઈને અમેરિકાએ નવો દાવો કર્યો છે. અમેરીકાએ એક ભારતીય નાગરિક પર શીખ ફોર જસ્ટિસના સંસ્થાપક ગુરપત વંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. યુએસ એટર્ની ઓફિસે બુધવારે જણાવ્યું હતું કે નિખિલ ગુપ્તા નામના ભારતીયે પન્નુની હત્યાનું કાવતરૂં ઘડ્યું હતું. જુનમાં ચેક રિપબ્લિકના અધિકારીઓ દ્વારા ગુપ્તાની ધરપકડ કરવામાં આવી હતી અને હવે તે પ્રત્યાર્પણની રાહ જોઈ રહ્યો છે. મેનહટનમાં ટોચના ફેડરલ એટર્ની ડેમિયન વિલિયમ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'શિખો માટે સાર્વભૌમ રાજયની જાહેરમાં હિમાયત કરનાર અમેરિકન નાગરિક (પન્નુ)ની હત્યાનું કાવતરૂ ભારતમાંથી ઘડવામાં આવ્યું હતું.' અમેરિકાએ અગાઉ પણ દાવો કર્યો હતો કે એક શીખ અલગતાવાદીની હત્યાનું કાવતરૂ હતું જેને અમેરિકાએ નિષ્ફળ બનાવ્યું હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના ઓફિસ ઓફ પબ્લિક અફેર્સ દ્વારા એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે નિખિલ ગુપ્તા કોન્ટ્રાકટ કિલર છે. વિભાગે ગુપ્તા પર પૈસાના બદલામાં હત્યાનું કાવતરૂ ઘડવાનો આરોપ લગાવ્યો છે ભારતે આ મામલે અમેરિકાના અગાઉના દાવાઓ અંગે જરૂરી પગલાં લીધા છે. અમેરિકી સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલી સુરક્ષાની ચિંતાઓ પર ધ્યાન આપવા માટે ભારતે એક ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ બુધવારે આ જાણકારી આપી હતી.

## બેંક કર્મચારીઓનો પગાર ૧૫ થી ૨૦ ટકા વધશે : અઠવાડિયામાં પાંચ દીવસ કામ

નવી દિલ્હી તા. ૩૦ : આ વર્ષના અંત સુધીમાં જાહેર ક્ષેત્રની બેંકો એટલે કે સરકારી બેંકોના કર્મચારીઓને બેવડી ખુશીઓ આપી શકે છે.

બેન્ક કર્મચારીઓનાં પગારમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે પરંતુ તેમને ડિસેમ્બરના મધ્ય સુધીમાં અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરવાનો પુરસ્કાર પણ મળી શકે છે. વેતન સુધારણા અને કામકાજના દિવસોમાં ફેરફાર પ્રાદેશિક ગ્રામીણ બેંકોને પણ લાગુ પડશે. બેંક યુનિયનો અને ઈન્ડીયન બેંક્સ એસોસિએશન વચ્ચે ૧૨મી દ્વિપક્ષીય વાટાઘાટ હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ગઈ છે.

ચીનમાં ફેલાઈ રહેલા વાયરસ મામલે ભારત સરકારે ગુજરાત સહિત ૬ રાજયો માટે એડવાઈઝરી જાહેર કરી

## ચીની વાયરસનાં પ્રતિકાર માટે આગોતરૂ આયોજન જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાઈ



(એસ.આઈ બુખારી) જૂનાગઢ તા. ૩૦ : કોરોનાનાં આતંકથી લોકો માંડ બહાર આવ્યા છે ત્યાં ફરી એકવાર ચીનમાંથી જ ઉત્પન્ન થયેલાં વધુ એક વાયરસે વિશ્વની ચિંતા વધારી દીધી છે. વર્તમાનમાં ચીનમાં ફેલાઈ રહેલો નવો વાયરસ બાળકોને વધુ નુકશાન કરે છે વર્તમાનમાં ચીનની હોસ્પિટલો આ વાયરસથી પીડિત બાળ દર્દીઓથી ઉભરાઈ રહી છે ત્યારે તેના સંભવીત જોખમ સામે ભારત સરકારે પણ ગુજરાત સહિત ૬ રાજયો માટે એડવાઈઝરી જાહેર કરી દીધી છે અને સંભવીત કોઈપણ કટોકટીને પહોંચી વળવા માટે આરોગ્ય તંત્રને એલર્ટ કરવામાં આવ્યું છે. H9N2 તરીકે ઓળખાતો એશીયન એન્ફલુએન્ઝા નામનો વાયરસ બાળકોને વધુ અસર કરે છે આ બાબતે જૂનાગઢ સિવિલ હોસ્પિટલનાં મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. કૃતાર્થ આર. બ્રહ્મભટ્ટે એવું જણાવ્યું કે, મેડીકલ એડવાઈઝરી મુજબ જૂનાગઢ સિવિલ હોસ્પીટલમાં પણ આ વાયરસનાં સામનાની તૈયારી કરવા માટે મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં ત્રણ PSA પ્લાન્ટની કાર્યક્ષમતા તપાસવામાં આવી હતી. જે પૈકીનાં બે પ્લાન્ટની ક્ષમતા અનુક્રમે ૧૦૦૦ અને ૫૦૦ લીટર પ્રતિ મિનિટ ઓકસીજન ઉત્પાદન કરવાની છે જે સંપૂર્ણ કાર્યરત છે તેમજ જૂનાગઢ સિવિલમાં ૨૦ હજાર લિટર અને ૧૦ હજાર લિટર ઓકસીજન ઉત્પાદન અને સંગ્રહિત કરવાની ક્ષમતા ધરાવતી બે વિશાળ ટેન્ક આવેલ છે જે પણ સંપૂર્ણ કાર્યરત છે. તેમજ જૂનાગઢ સિવિલમાં આવેલ તમામ બેડ ઉપર ઓકસીજનનો પુરવઠો યોગ્ય રીતે પહોંચે છે કે નહી તેની પણ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત જરૂર પડયે બાળકોનાં વિભાગમાં ઓકસીજન અને વેન્ટીલેટર સાથેનાં બેડ પણ તૈયાર રાખવામાં આવેલ છે જેથી કરીને સંભવીત કોઈપણ પરિસ્થિતિનાં પ્રતિકાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પીટલનું તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર હોવાનું અને કોઈપણ સ્થિતિનાં સામના માટે તૈયાર હોવાનું તબિબિ અધિક્ષક ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.

ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત, માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY-MA યોજના અંતર્ગત મફત સારવાર
● નોર્મલ ડિલીવરી
● સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયને લગતા ઓપરેશન
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯
ડો.પ્રતિક ડોબરીયા
M.B.D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
● સોનોગ્રાફીની સુવિધા
● પેઈનલેસ ડીલીવરી તથા સિઝેરીયનની સુવિધા
● ગર્ભાશયની કોથળીનું ટાંકાવાળુ, ટાંકા વગરનું તેમજ દુરબીનથી ઓપરેશન.
● અંડાશય અને કુટુંબ નિયોજનનાં ટાંકાવાળા તથા દુરબીન (લેપ્રોસ્કોપી)થી ઓપરેશન
● હીસ્ટેરોસ્કોપીની સુવિધા (ગર્ભાશયની અંદરની દુરબીનથી તપાસ તથા ઓપરેશન)
● બંધ નળી ખોલવાનું ઓપરેશન (માઈક્રોસર્જરી) ● મેડીકલેઈમની સુવિધા
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક
ડો. દુષ્યંત ચૌહાણ
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ
:: સ્પેશ્યાલીટી ::
● ડહાપણ દાઢની સારવાર
● મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
● તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
● મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
● જડબાનાં સાંધાની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા
૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક
આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પિટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા....
વર્ષા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ પ્રા.લી.
મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦ જી. જૂનાગઢ (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૨૬૬૦૦૮૮ (૦૨૮૫) - ૨૬૬૦૦૯૯

"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જૂનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ " P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

# પ્રભાસ-પાટણમાં ૧૪૮ તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું






## વધુમાં વધુ લોકો શિક્ષિત બનશે તો સમાજ આપોઆપ સમૃદ્ધ અને પ્રગતિશીલ બની જશે જેથી તે દિશામાં કામ કરવા અપીલ કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૦

વેરાવળના પ્રભાસપાટણ મુકામે ઘાંચી સમાજના જમાતખાનામા બેટર એજ્યુકેશન સોસાયટી એન્ડ ટ્રસ્ટ દ્વારા આઠમો વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૦૨૩ યોજાયો હતો. જેમાં પ્રભાસ પાટણ ઉપરાંત આજુ બાજુના ગ્રામ્ય વિસ્તાર ગોવિંદપરા, નાવદ્રા, સુપાસી, ડારી, સિડોકર, કાજલી ગામના મુસ્લિમ વિદ્યાર્થીઓને આવરી લેવામા આવ્યા હતા. આ સમારોહમાં ધો. ૧૦ થી અનુસ્નાતક(post Graduate) સુધીના ૫૪ વિદ્યાર્થીઓને તેમના મેરિટ ગુણ આધારે પ્રથમ, દ્વિતીય અને તૃતીય રોકડ પુરસ્કાર તથા ઘડિયાળ અને પ્રમાણ પત્ર આપવામાંઆવેલ જ્યારે અન્ય ૯૪ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ ઘડિયાળ આપવામાં આવેલ આમ કુલ ૧૪૮ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ હતા. આ પ્રસંગે ઉપસ્થિત વેરાવળ મહિલા કોલેજનાં પ્રિન્સિપાલ જે. એસ. વાળાએ શિક્ષણ પ્રત્યે જાગૃતતા અને સફળતા મેળવવા ઉપર ભાર મૂકતા વ્યવસ્થિત તથા અથાગ પરિશ્રમ કરવા ઉપર ભાર મૂક્યો હતો. જ્યારે સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ અને શિક્ષણવિદ અફઝલ સાહેબએ ગુણવત્તા સભર શિક્ષણ થકી સારી સફળતાઓ મેળવી શકાય છે તે અંગે માર્ગદર્શન આપતી વાત કરી હતી. સમાજમાં વધુમાં વધુ લોકો શિક્ષિત હશે તો સમાજ સમૃધ્ધ અને પ્રગતિશીલ બનશે જેથી તે દિશામાં સૌને કામ કરવા અપીલ કરી હતી. આ સમારોહમાં સંસ્થાના પ્રમુખ હારૂનભાઈ મોઠીયા, સેક્ટરી અમનભાઈ ગોવાલે, ઉપપ્રમુખ આસીફભાઈ મુન્શી સહિત લઘુમતી સમાજના આગેવાનો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં શામળદાસ ગાંધી ટાઉન હોલમાં ૫ દિવસીય ૧૦મો ગિરનાર મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢના શામળદાસ ગાંધી ટાઉન હોલમાં ૫ દિવસીય ૧૦મો ગિરનાર મહોત્સવ યોજાશે. શુક્રવાર ૧ ડિસેમ્બરથી શરૂ થઈ મંગળવાર ૫ ડિસેમ્બર સુધી દરરોજ સાંજના ૬ થી ૧૦ સુધી ચાલનાર આ કાર્યક્રમને કલારસિકો ફ્રિમાં માણી શકશે. ભારતભરના અનેક રાજ્યોના કલાકારો પોતાના રાજ્યના ગીત, સંગીત, નૃત્ય, પહેરવેશ રજુ કરી અનેકતામાં એકતાના દર્શન કરાવશે. આ અંગે પ્રતિ વર્ષ જૂનાગઢમાં ગિરનાર મહોત્સવનું આયોજન કરનાર મુંબઈની પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન સંસ્થાના ડાયરેકટર એમ.કે. પટેલે જણાવ્યું છે કે, ભારતીય શાસ્ત્રી ગાયન, વાદન અને નૃત્યની વિવિધ પ્રસ્તુતી આ કાર્યક્રમમાં થનાર છે. ભારતભરના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકારો દ્વારા શાસ્ત્રીય ગાયનમાં ખ્યાલ અને ધ્રુપદ ગાયન રજુ કરાશે. જયારે શાસ્ત્રી, વાદનમાં બાંસુરી, વાયોલીન, રૂદ્રવિણા, સંતુર, સિતાર, તબલા અને પખવાજના સુર રેલાવશે. શાસ્ત્રીય નૃત્યમાં ઓડિસી, ભરત નાટયમ, કુચીપુડી, મોહિની અટ્ટમ, કથ્થક તેમજ યક્ષગાન વગેરે કલાની પ્રસ્તુતિ થશે. શહેરના શામળદાસ ગાંધી ટાઉન હોલમાં શુક્રવાર ૧ ડિસેમ્બરથી લઈને મંગળવાર ૫ ડિસેમ્બર સુધી દરરોજ સાંજના ૬ થી ૧૦ સુધી યોજાનાર આ કાર્યક્રમને જૂનાગઢના કલારસિકો વ્હેલો તે પહેલાના ધોરણે ફ્રીમાં માણી શકાશે. પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન મુંબઈના ડાયરેકટર એમ.કે. પટેલના માર્ગદર્શનમાં યોજાનાર કાર્યક્રમને સફળ બનાવવા કિશોરભાઈ ચાવડા, રાજયભાઈ ઠાકર, વિનુભાઈ પટેલ, શૈલેષભાઈ પંડયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વેરાવળ શહેર બ્રહ્મ સમાજના હોદેદારોની થયેલ વરણી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૦

વેરાવળમાં બ્રહ્મકુંડ મંદિર ખાતે શહેર સમસ્ત બ્રહ્મસમાજની એક મીટીંગ મળેલ હતી. જેમાં બહોળી સખ્યામાં ઉપસ્થિત સમાજના આગેવાનો અને જ્ઞાતિજનો હાજરીમાં વેરાવળ શહેર અને યુવાના હોદેદારોની નિમણૂક બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત તમામ કાર્યકરો - આગેવાનો - પેટા જ્ઞાતી પ્રમુખો સહિતનાઓ દ્વારા વેરાવળ શહેર બ્રહ્મસમાજના પ્રમુખ તરીકે પ્રદીપભાઈ મહેતા, મહામંત્રી તરીકે ઉમેશભાઈ પંડ્યા તેમજ વેરાવળ શહેરના યુવા પ્રમુખ તરીકે સુજલભાઈ પાઠકની વરણી કરવામાં આવેલ હતી. આ મીટીંગમાં વેરાવળ સમસ્ત બ્રહ્મસમાજના તાલુકા પ્રમુખ વલ્લભભાઈ મહેતા, પેટા જ્ઞાતિના પ્રમુખો, હેમલભાઈ ભટ્ટ, દિગંતભાઈ દવે, યોગેશભાઈ જોશી, અશ્વિનભાઈ વાયડા, અનિલભાઈ ઠાકર, મનીષભાઈ જોશી, પરેશભાઈ વોરા, ભરતભાઈ પંડ્યા, કુમારભાઈ દવે, રમેશભાઈ ભટ્ટ, પૂર્વ જીલ્લા પ્રમુખ મિલનભાઈ જોશી, જીલ્લાના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ઓઝા સહિત મોટી સખ્યામાં જ્ઞાતિના આગેવાનો હાજર રહી નવા હોદેદારોના હારતોરા કરી આવકાર્યા હતા.

# સોમનાથ કાર્તિકી પુર્ણિમાના મેળાના સ્ટોલ ધારકોને આર્થિક નુકશાનીમાં રાહત આપવા રજુઆત




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩૦

સોમનાથ ખાતે કાર્તિકી પૂર્ણીમાંનો મેળો ભારે વરસાદના લીધે એક દિવસ વહેલો પૂર્ણ થયેલ હોય ત્યારે મેળામાં સ્ટોલ ધારકોને પડેલી આર્થિક નુકશાનીમાં રાહત આપવા બાબતે સોમનાથ ટ્રસ્ટને લેખીત રજૂઆત કરી માંગ કરેલ છે. આ અંગે સોમનાથ મેળા સ્ટોલ મંડળના વેપારીઓ દ્વારા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર તથા જનરલ સેક્રેટરી, ચેરમેન સહીતનાને લેખીત રજૂઆત કરી જણાવેલ કે, આસ્થાનું પ્રતિક એવા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રતિ વર્ષ કાર્તિકી પૂર્ણિમાનો મેળો સોમનાથ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવે છે. આ મેળામાં સુંદર આયોજનને નિહાળવા વેરાવળ શહેર ઉપરાંત બહારના યાત્રાળુઓ પણ અહી આવતા હોય છે. આ વર્ષે યોજાયેલ કાર્તિકી પૂર્ણિમા મેળામાં અર્નિવાય સંજોગોને કારણે કુદરતી આફત ગાજવીજ સાથે પડેલ વરસાદના કારણે મેળામાં નાના ધંધાર્થીઓ પોતાના સ્ટોલોને નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. આ કપરા સંજોગોને ધ્યાને લઈ સોમનાથ ટ્રસ્ટે એક દિવસ વહેલો મેળો પુર્ણ કર્યાની જાહેરાત કરી હતી. આ મેળામાં તમામ વેપારી, સ્ટોલ ધારકોએ ભાડા એડવાન્સ આપી દીધેલ હોય ત્યારે એક દિવસ વહેલો પુર્ણ થવાના સંજોગોને ધ્યાને લઈ એક દિવસની રકમ સ્ટોલ ધારકોને પરત આપે તેવી માંગ કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા ઉમેદવારોની સંખ્યાના આધારે એક દિવસથી વધુ પણ લેવાશે

## દેશની પ્રતિષ્ઠિત ટીસીએસ કંપની ને પરિક્ષા માટેની જવાબદારી સોંપાશે

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિવિધ સરકારી વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતી કરવામાં આવતી હોય છે. જે પૈકી નક્કી કરાયેલાં ધારા ધોરણો મુજબ ગૌણ સેવા પસંદગી મંડળને આ ભરતીનો કાર્યભાર સોંપાયેલો છે. જે અંતર્ગત અત્યાર સુધી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જ ભરતી કરવામાં આવી રહી છે. જોકે, છેલ્લાં કેટલાં સમયથી પરિક્ષાઓમાં થતા છબરડા, તેમજ પેપર ફૂટવાની એક બાદ એક ઘટનાઓ કે પછી એમ કહો કે છાશવારે થતાં પેપરકાંડને રોકવા સરકારે હવે કડક પગલાં લીધાં છે. જેને ધ્યાને લઈને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરિક્ષા પદ્ધતિમાં મોટો ફેકફાર કરવાનો નિર્ણય લેવાયો છે. કોઈપણ વિદ્યાર્થી એટલેકે, ઉમેદવારને કોઈ અન્યાય ન થાય તે માટે સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલાં નિર્ણય અનુસાર હવેથી પરિક્ષા ઉમેદવારોની સંખ્યાના આધારે એક દિવસથી વધુ પણ લેવાશે. પરિક્ષા પદ્ધતિમાં દિવસના ત્રણ પેપર કઢાશે.

એટલું જ નહીં હવે પછીની સંપૂર્ણ પરિક્ષા પેપર લેસ પ્રક્રિયાથી લેવામાં આવશે. પરિક્ષાર્થી કે ઉમેદવારે નિયત કરાયેલાં વિવિધ સેન્ટરોમાં જઈને કોમ્પ્યુટર પર સંપૂર્ણ પરિક્ષા આપવાની રહેશે. કોમ્પ્યુટર માટેની એજન્સી ગૌણ સેવા પસંદગી મંડળે નક્કી કરી છે. એક સાથે ૧૫ હજાર વિદ્યાર્થીઓ પરિક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. દેશની પ્રતિષ્ઠિત ટીસીએસ કંપની ને પરિક્ષા માટેની જવાબદારી સોંપાશે. બીટ ગાર્ડની પરિક્ષા પણ ઓનલાઈન પદ્ધતિ થી ગૌણ સેવા પસંદગી મંડળ લેશે. બીટ ગાર્ડ ની પરિક્ષા અંદાજીત એક સપ્તાહથી વધુ સમય ચાલશે જેમાં ૪.૫ લાખ ઉમેદવારો પરિક્ષા આપશે.

# વિટામિન ડી નાના બાળક માટે ખૂબ જ જરૂરી છે

નવી દિલ્હી, તા.૩૦

કેટલાક વિટામિન્સ ખાસ કરીને ૬ મહિનાથી ઓછી ઉંમરના બાળકો માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ ઉંમરે બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે. આ બાળકો માટે ખાસ કરીને વિટામિન ડી, વિટામિન એ, આયર્ન, કેલ્શિયમ, ફોલિક એસિડ અને વિટામિન સી જેવા વિટામિન્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ વિટામિન્સ બાળકોના હાડકાંના વિકાસમાં, મગજની ક્ષમતા વધારવામાં અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. બાળકોને માતાના દૂધમાંથી લગભગ તમામ પ્રકારના વિટામિન મળે છે, જે તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ વિટામિન ડી સીધા સૂર્યપ્રકાશમાંથી મેળવી શકાય છે. આ વિટામિનની સૌથી વધુ ઉણપ બાળકોમાં જોવા મળે છે. તેથી ડૉક્ટરો નવજાત બાળકને દરરોજ યોગ્ય સમયે સૂર્યપ્રકાશ લેવાની સલાહ આપે છે. વિટામિન ડીને સામાન્ય રીતે સૂર્યમાંથી મેળવેલા વિટામિન તરીકે ઓળખવામાં આવે છે કારણ કે જ્યારે સૂર્યના કિરણો ત્વચા પર પડે છે ત્યારે તે આપણા શરીરમાં ઉત્પન્ન થાય છે, પરંતુ આજકાલ બહુમાળી ઈમારતો અને ગીચ વિસ્તારો, શિશુઓ, બાળકો અને પુખ્ત વયના તમામને યોગ્ય સૂર્યપ્રકાશ મળી રહ્યો નથી. ઘરમાં હંમેશા ભેજ રહે છે. કેટલાક લોકો તેમના ઘરની ચારે બાજુએ એટલા બધા પડદા રાખે છે કે સૂર્યના કિરણો ઘરની અંદર પહોંચી શકતા નથી. આ જ કારણ છે કે સૂર્યપ્રકાશના અભાવને કારણે બાળકોમાં વિટામિન ડીની ઉણપ જોવા મળે છે. વિટામિન ડી એ બાળકના શરીર માટે ખૂબ જ જરૂરી પોષક તત્વ છે.

# સોમનાથ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ફીશરમેન અવરનેશ કાર્યક્રમ યોજાયો






(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩૦

જૂનાગઢ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષકનિલેશ જાજડીયા તેમજ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સુચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક, વી.આર.ખેંગારના માર્ગદર્શન હેઠળ ફીશરમેન અવરનેશ કાર્યક્રમનુ આયોજન કરવા સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને ગઈકાલે વેરાવળ બંદર રોડ ખારવા સમાજની વંડી ખાતે ખાતે સોમનાથ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, એચ.આર.ગોસ્વામી તથા પીએસઆઈ આર.એચ. મારૂ તથા કે.પી.જાદવ એસ.ઓ.જી. શાખા ગીર સોમનાથ તથા પાર્થ માકડીયા જી.એમ.બી. વેરાવળ તથા દિપક કુમાર ઉતમ અધિકારી કોસ્ટ ગાર્ડ વેરાવળ તથા એસ.એન. સીયાણી તથા વી.બી. પંડયા ફીશીરીઝ વિભાગ વેરાવળ તથા દીપસિંહ ડાભી સ્ટેટ આઇ.બી. વેરાવળ તેમજ સોમનાથ મરીન પો.સ્ટે. સ્ટાફ સાથે ફિશરમેન અવેરનેશ કાર્યક્રમ સોમનાથ મરીન પોલીસ સ્ટેશન તરફથી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં ફીશરમેન વોચ ગૃપના ૫૦ જેટલા સભ્યો/ માછીમાર ભાઈઓ હાજર રહેલ હતા જે તમામ સભ્યોને દરિયા કાંઠા વિસ્તારોમાં સંભવી શકે એવી આતંકી પ્રવૃતિ, માદક પદાર્થો/ શસ્ત્રોની હેરાફેરી, અજાણ્યા ઈસમોની શંકાસ્પદ હિલચાલ બાબતે તેમજ શંકાશીલ જણાતી કોઈપણ પ્રવૃતી બાબતે માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ તથા ફીસીંગ કરતી વખતે આઈ.એમ.બી.એલ. ઓળંગવુ નહી તથા પુરતા ડોકયુમેન્ટ સાથે લઈને જવા તેમજ ઓન લાઈન ટોકન લઈનેજ ફીસીંગમાં જવુ તથા ફીસીંગ દરમ્યાન કાંઈ ઈમરજન્શી જણાયે ટોલફ્રી નં.૧૫૫૪ તથા ૧૦૯૩ નંબરનો ઉપયોગ કરવો તેમજ ઉપસ્થિત સભ્યોને દરીયામાં તેમજ દરીયા કાંઠા વિસ્તારમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સમજ કરવામાં આવેલ હતી.

# ખંભાળિયામાં મિલકતોના કમ્પ્લીશન સર્ટિફિકેટ આપવાની સત્તા બાબતનો નિર્ણય હવે રાજ્ય કક્ષાએ થશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા શહેરમાં મિલકત ધરાવતા અનેક આસામીઓને ઘણા સમયથી પોતાની મિલકતનું કમ્પ્લીશન સર્ટિફિકેટ ન મળતા અંગે છેલ્લા ઘણા સમયથી કરવામાં આવેલી વ્યાપક રજૂઆતો બાદ કમ્પ્લીશન સર્ટિફિકેટ માટેની સત્તા નગરપાલિકાને સોંપવામાં આવવા અંગેનું જનરલ બોર્ડમાં નક્કી થયું હતું. પરંતુ આ બાબત હવે રાજ્ય સરકાર નિર્ણય લેશે તેવું ખુલતા હાલ પૂરતો પ્રશ્ન અધ્ધરતાલ બની રહ્યો છે. ખંભાળિયા શહેરમાં નવા બાંધકામની પરવાનગી આપવાની સત્તા ખંભાળિયા વિસ્તાર સત્તા મંડળ (ખાડા)ને કેટલાક વર્ષોથી મળી છે. પરંતુ વર્ષો અગાઉ ખંભાળિયા નગરપાલિકા જ્યારે બાંધકામની પરવાનગી આપતી હતી, ત્યારે આવા બાંધકામના અનેક કમ્પ્લીશન સર્ટિફિકેટ જે-તે આસામીઓને મળ્યા નથી. આના કારણે આવા મિલકત ધારકોને બેંક લોન, સહિતની મહત્વની બાબતે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ મહત્વના પ્રશ્ન અહીંના અગ્રણી અનિલભાઈ તન્ના, દિનેશભાઈ દતાણી, પ્રતાપભાઈ દતાણી, કિશોરભાઈ દતાણી, વિગેરે દ્વારા ભાજપના આગેવાનો, રાજ્ય મંત્રી, સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ, વિગેરેને કરવામાં આવી હતી. જે પછી અહીંના જિલ્લા કલેકટર સાથે ખાસ બેઠક પણ યોજવામાં આવી હતી. આના સંદર્ભમાં ખંભાળિયા નગરપાલિકા દ્વારા તાજેતરમાં ખાસ સામાન્ય સભા યોજીને આ એક જ મુદ્દા અંગે મીટીંગ બોલાવવામાં આવી હતી. જેમાં બાકી કમ્પ્લીશન સર્ટિફિકેટ આપવા માટે નક્કી કરાયું હતું. જનરલ બોર્ડનું સાહિત્ય રાજકોટ ખાતે પ્રાદેશિક નગરપાલિકા નિયામકને મોકલવામાં આવ્યું હતું. પરંતુ ત્યાંથી આ અંગેની મંજૂરી આપી શકાતી ન હોય તેમ જણાવીને રાજ્ય સરકારના પ્રદેશ નગરપાલિકા નિયામકને આ સમગ્ર પ્રકરણ મોકલવામાં આવ્યું છે. જ્યાંથી આગળ આ બાબત શહેરી વિકાસ વિભાગમાં જશે અને ત્યારબાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં બાકી આસામીઓને કમ્પ્લીશન સર્ટીફીકેટ મળે તે માટે નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી વિગેરે દ્વારા પણ જહેમત ઉઠાવવામાં આવી હતી. ત્યારે "ખાડા" પાસે સત્તા હોવા છતાં પણ આ અંગેના નિર્ણય ના લઈને પ્રમાણપત્રો આપવામાં ન આવતા તેમજ નગરપાલિકાના કેટલાક ચીફ ઓફિસરોએ આ બાબતના પ્રમાણપત્ર આપેલા હોય અને કેટલાક આસામી બાકી રહી જતા આ મુદ્દે અનેક મિલકત ધારકોમાં રોષની લાગણી પ્રસરી જવા પામી છે.

# માંગરોળમાં કગરાણા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૦

જુનાગઢ જિલ્લાના માંગરોળમાં સીરાજ રોડ, પાણીની ટાંકી પાસે રહેતા સ્વ.ચંદનબેન જગદીશચંદ્ર કગરાણા ઉ.વર્ષ.૮૨ કે જેઓ સંજયભાઈ, ચેતનભાઈ, કમલેશભાઈ, દિવ્યેશભાઈ તથા હિનાબેનના માતૃશ્રી તથા નિશાંત, દિપ, ભાવિ, ફોરમ, પરી, ખ્યાનાના દાદી તથા પ્રતિકભાઈના મામી તેમજ શ્લોકના દાદી નાની થાય છે.જેઓ તા.૨૯-૧૧-૨૦૨૩ને બુધવાર, કારતક વદ બીજના રોજ ઉંમરના કારણે શ્રીજી ચરણ પામેલ છે. આથી આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સદગતના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.જે માટે માંગરોળમાં ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ પંકજભાઈ રાજપરાએ આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન સલાહકેંદ્રના સંચાલકને જાણ કરી હતી. આથી નેત્ર કલેક્શન માટે માંગરોળ અધ્યારુ હોસ્પિટલમાં ફરજ બજાવતા હરદિપસિંહ જેઠવા દ્વારા સદગતના નેત્રનું કલેકશન કરવામાં આવ્યું હતું.અને આજના ચક્ષુનો સ્વિકાર જાયન્ટ્સ ગૃપ માંગરોળના નિલેષભાઈ રાજપરા તથા શિવમ્ ચક્ષુદાન આરેણાના સચિનભાઈ જોટવા દ્વારા કરવામાં આવ્યો હતો.આ સમયે તેમના પરિવારજનો, કુટુંબીજનો, સગા સ્નેહીજનો પ્રેરક ઉપસ્થિત રહી સહકાર આપેલ.

સ્વર્ગસ્થ ચંદનબેનના બંન્ને ચક્ષુ ડૉ.થાનકી સાહેબની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. કગરાણા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.ચંદનબેનને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

કગરાણા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા,માંગરોળ જાયન્ટ્સ ગૃપ,વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ,સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ,શ્રી ડુગરગુરુ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જુનાગઢ,ગીરનારી બ્લડ ગૃપ-જુનાગઢ,ભારત વિકાસ પરિષદ,માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો તેમજ ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ એસોસિયેશન-માંગરોળ દ્વારા બિરદાવવામાં આવે છે.અને આપના પરિવાર પર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની શક્તિ પ્રભુ આપને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તાર મા કોર્નિયા થી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલા ની તપાસ કરી ને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખ ના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકો ને કોર્નિયા થી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે.આવી વ્યક્તિ ની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરી થી અપાવી શકીએ છીએ.

# ખંભાળિયા : સગીરાની પજવણી કરતા ઝડપાયેલો શખ્સ જેલ હવાલે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયામાં રહેતા એક પરિવારની આશરે ૧૩ વર્ષની સગીર પુત્રીને અવારનવાર વિવિધ પ્રકારે છેડતી કરી, પજવણી કરતા અત્રે ભઠ્ઠી ચોક વિસ્તારમાં રહેતા અહેમદ ઉર્ફે ભુરિયો ઈકબાલ અલીમિયા બુખારી નામના ૨૦ વર્ષના શખ્સને પોલીસે દબોચી લીધો હતો. જેની સામે પોક્સો એક્ટ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ શખ્સને તપાસનીસ અધિકારી ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોષીએ અહીંની અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આરોપી અહેમદ ઉર્ફે ભુરીયો બુખારીને જેલ હવાલે કરવા માટેનો હુકમ કર્યો હતો.

## તા.૨જી ડીસેમ્બર રૂપાયતન ખાતે

# શ્રી દિવ્યકાંત નાણાવટી શતાબ્દી વર્ષ અને સ્મૃતિપર્વ અને ગ્રંથ લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

### કેન્દ્રના ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી પણ ખાસ ઉપસ્થિત રહેશે





જૂનાગઢ, તા.૩ આગામી તા. ૨ ડીસે-૨૦૨૩ના રોજ ભવનાથ સ્થિત રૂપાયતન સંસ્થામાં શ્રી દિવ્યકાંત નાણાવટીના શતાબ્દી વર્ષે સ્મૃતિપર્વનું આયોજન કરવામાં આવ્યું છે. દિવ્યકાંતભાઈ આ સંસ્થાના પ્રમુખ હતા.

દિવ્યકાંતભાઈનું જૂનાગઢના વિકાસમાં અપૂર્વ યોગદાન રહયું છે, તેઓએ જુનાગઢ નગરપાલિકાના પ્રમુખ તરીકે જાહેરજીવનનો પ્રારંભ કરેલો. તેઓ બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા લોકપ્રિય જનપ્રતિનીધી હતા. તેઓ ગુજરાત વિધાનસભામાં કેબિનેટ મંત્રી રહી ચૂકયા છે. તેઓ જૂનાગઢના જ નહીં પરંતુ ગુજરાતના પ્રખ્યાત ધારાશાસ્ત્રી તરીકે નામના મેળવી ચૂકયા હતા. તેમના નગરપાલિકાના પ્રમુખ તરીકેના સમયકાળમાં અનેક એવા કાર્યો થયેલા છે જે આજે પણ લોકો યાદ કરે છે. જૂનાગઢમાં સરદાર વલ્લભભાઈ પટેલની કાંસ્ય પ્રતિમાનું પ્રસ્થાપન, વિલિંગ્ડન ડેમનું બ્યુટીફીકેશન, સ્મશાન માટેની જમીનનું સંપાદન તેમજ રસ્તા અને સ્ટ્રીટલાઈટનું આધુનિકીકરણ તેમના કાર્યકાળમા, તેમની દિર્ઘદ્રષ્ટિથી થયેલું. જુનાગઢના "વિચારપુરૂષ" તરીકે તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તારીખ ૨ ના સ્મૃતિપર્વમાં દિવ્યકાંત નાણાવટી વિશે સ્મૃતિગ્રંથનું લોકાર્પણ કરવામાં આવશે. આ સ્મૃતિગ્રંથ "દિવ્યકાંત નાણાવટી : ભૂલાય તે પહેલાં"નું લોકાર્પણ ભારતના ગૃહ અને સહકારિતા મંત્રી માનનિય અમિતભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, રાજયસભાના સાંસદ પરિમલ નથવાણી, ગુજરાતના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પદ્મશ્રી ભીખુદાન ગઢવી, પદ્મશ્રી હેમંત ચૌહાણ તેમજ વરિષ્ઠ પત્રકાર અજય ઉમટ ઉપસ્થિત રહેશે. આ વિશેષ ઉપક્રમે લોકાર્પિત થનાર "સ્મૃતિગ્રંથ" માં દિવ્યકાંત નાણાવટી સાથે સંકળાયેલા મહાનુભાવોએ પોતાના સંસ્મરણો આલેખ્યા છે તેમજ આ ગ્રંથમાં દિવ્યકાંત નાણાવટીએ વિધાનસભાના ફલોર ઉપર રજૂ કરેલા વિચારોનું સંપાદન કરવામાં આવ્યું છે. આ "સ્મૃતિગ્રંથ"-"દિવ્યકાંત નાણાવટી : ભૂલાય તે પહેલા"નું સંપાદન ધીરેન અવાશિયા, હેમંત નાણાવટી અને ડો.રમેશ મહેતા દ્વારા કરવામાં આવ્યું છે. જૂનાગઢના વિચારપુરૂષ અને પનોતાપુત્ર દિવ્યકાંત નાણાવટીના જીવન કાર્યને પ્રગટ કરતો આ ગ્રંથ તેમના જીવનની આંતર-બાહ્મય વિશેષતાઓ પ્રગટાવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવાના ભવ્ય આયોજનમાં માજી સાંસદ દીનુભાઈ સોલંકી, સહકારી અગ્રણી ડોલરભાઈ કોટેચા, સામાજીક અગ્રણી વનરાજસિંહ રાયજાદા તેમજ ટ્રસ્ટીગણ–રૂપાયતન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી હેમંતભાઈ નાણાવટી, શિશનભાઈ નાણાવટી, ભારતભાઈ મજમુદાર, રમેશભાઈ મહેતા, દાદુભાઈ કનારા જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે સૌને રૂપાયતન સંસ્થાના પ્રમુખ નિરૂપમ નાણાવટી તેમજ હેમંત નાણાવટીએ વિનમ્ર અનુરોધ કર્યો છે.

# માળીયા હાટીનાનાં કાત્રાસા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે કાર્યક્રમ યોજાશે

## સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર સહિતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરશે સંબોધન

જૂનાગઢ, તા.૩૦ માળીયા હાટીનાના કાત્રાસા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે તા.૩૦-૧૧-૨૩ના રોજ સવારે ૧૦ કલાકે કાર્યક્રમ યોજાશે. જેમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ઉપરાંત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે તેના લાભોનું પણ વિતરણ કરવામાં આવશે. તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો પણ આપશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આ કાર્યક્રમની સાથે નાગરિકો માટે આરોગ્ય કેમ્પ, સેવા સેતુ અને પશુ આરોગ્ય કેમ્પ પણ રાખવામાં આવ્યો છે. આ સાથે વિવિધ જન કલ્યાણકારી યોજનાઓ તથા સેવાઓ અને પ્રાકૃતિક કૃષિ સંદર્ભેના સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. દવા છંટકાવ માટે ડ્રોન નિદર્શન પણ રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા સહિતના પદાધિકારી- અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# કલા મહાકુંભ ૨૦૨૩માં રજીસ્ટ્રેશન કરાવેલ કલાકારોએ કન્વીનરનો સંપર્ક કરવો

જૂનાગઢ, તા.૩૦ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જૂનાગઢ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે તાલુકા/ ઝોન કક્ષા કલા મહાકુંભ ૨૦૨૩નું આયોજન તા.૧/૧૨/૨૦૨૩ થી તા.૯/૧૨/૨૦૨૩ સુધી થનાર છે. જે કલાકારો / વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવેલ હોય તેમણે કન્વીનરનો સંપર્ક કરી સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. સ્પર્ધાના સ્થળ, તારીખ અને કન્વીનરોની યાદી Dydo Junagadh જૂનાગઢ ફેસબુક આઈડી ઉપર જોઈ શકાશે. એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી. વાળાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# તુલસી ચાની નવી પ્રીમિયમ ચા 'તુલસી ટી બ્રોકન્સ રૂા. ૫૦'ના SKU વૃદ્ધિએ નવી ક્રાંતિ સર્જી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦ તુલસી ચા ના જો "તુલસી ટી બ્રોકન્સ – રૂા. ૫૦/- તેના લોન્ચિંગના માત્ર એક જ મહિનામાં નોંધપાત્ર વેચાણ વધારો કર્યો છે, જે ગ્રાહકોની પસંદગી ઉપર નોંધપાત્ર અસરનો સંકેત આપે છે. ગુજરાતની સૌથી પ્રચલિત ચા બ્રાન્ડ પૈકી એક તુલસી ચાની નવી ઈનોવેટિવ પ્રોડક્ટ "તુલસી ટી બ્રોકન્સ રૂા. ૫૦" એ બજારમાં નવી ક્રાંતિ સર્જી છે. માત્ર એક મહિનામાં તેના વેચાણનો SKU (સ્ટોક-કીપિંગ યુનિટ) ૪% થી બમણો વધી ૮% થયો છે, જે ગ્રાહકની પસંદગી અને ખરીદીની પદ્ધતિમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે.

નવા SKUમાં ઉછાળો માત્ર સંખ્યાઓ જ નહિં, પરંતુ "તુલસી ટી બ્રોકન્સ રૂ. ૫૦"ની વ્યાપક અસર ગ્રાહકોની વર્તણૂક ઉપર પડી રહી હોવાનો સંકેત આપે છે. રૂા. ૫૦નું SKUની માંગ તેની કિંમત-અસરકારકતા, અનુકૂળ ટોકન કદ અને પ્રીમિયમ ચાના અનુભવની તેની અનન્ય દરખાસ્તના લીધે છે.

તુલસી ચાના મેનેજિંગ ડિરેક્ટર હરેશ કાથરોટીયાએ જણાવ્યું હતું કે, "જ્યારે અમે 'તુલસી ટી બ્રોકન્સ રૂા. ૫૦' લોન્ચ કરી ત્યારે અમને વિશ્વાસ હતો કે તે ગુણવત્તા અને પરવડે તેવા પરફેક્ટ ગુણવતા સાથે ચાના બજારને ફરીથી વ્યાખ્યાયિત કરશે. વાસ્તવમાં આ અસર લોન્ચિંગના થોડા અઠવાડિયામાં જ દેખાઈ તે અમારા માટે પણ એક સુખદ આશ્ચર્ય છે. જે રીતે ગ્રાહકોની વધતી જતી સંખ્યા નવા SKU તરફ સ્થળાંતરિત થઈ છે તે અમારી પ્રોડક્ટ ઑફરિંગ અને ચા માટે ગ્રાહકોની માનસિકતાની સમજણ વિશે ઉંડી સમજ આપે છે. દરેક જણ માણી શકે તેવી કિંમતે પ્રીમિયમ ચાનો સ્વાદ ગુજરાતના બજારને કરાવવા બદલ અમે ઉત્સુક છીએ."

ગ્રાહકના વર્તણૂકમાં આ પરિવર્તન કોઈ ચોક્કસ પ્રદેશ પૂરતું મર્યાદિત નથી કારણ કે તે સમગ્ર ગુજરાતનું વલણ દર્શાવે છે. તુલસી ચાના રૂા. ૫૦ના પેકેટે ગુણવત્તાયુક્ત ચાના સેગમેન્ટમાં નિશ્ચિતપણે સ્થાપિત કર્યું છે, ઉદ્યોગના ધોરણોને પુનઃવ્યાખ્યાયિત કરતાં ગુણવત્તા અને પોષણક્ષમતા બંને બાબતોમાં નવો દરજ્જો સ્થાપિત કર્યો છે. "તુલસી ટી બ્રોકન્સ રૂા.૫૦"ની સફળતા એ ગુણવત્તા, ઈનોવેશન અને ગ્રાહક સંતોષ પ્રત્યે તુલસી ચાની પ્રતિબદ્ધતાની ખાતરી કરે છે. વધુમાં કથરોટિયાએ જણાવ્યું હતું કે, "અમે ઉદ્યોગના ધોરણોને પડકારતાં નવા માપદંડો સ્થાપિત કરવામાં અને 'તુલસી ટી બ્રોકન્સ રૂા.૫૦' સાથે ગ્રાહકોની અપેક્ષાઓ વધારવામાં સફળ થયા છીએ."


# UNM ફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ પ્રસંગે મોટી સંખ્યામાં દર્શકોએ હર્ષોલ્લાસ સાથે મનમોહક રજુઆતોનો આનંદ માણ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૦ ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશન આયોજીત અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ પોતાની મનમોહક રજુઆતો સાથે પૂરજોશમાં આગળ વધી રહ્યો છે, જેને માણવા રોજે રોજ મોટી સંખ્યમાં દર્શકો ઉમટી પડે છે. ધારા રૂઘાની અને ઉન્નતિ અજમેરાએ "ઘેર કમ્સ પાપા" નામનું સમકાલીન અને મોહિની અટ્ટમ નૃત્ય પ્રદર્શન રજુ કર્યું. ધારા રૂઘાની અને ઉન્નતિ અજમેરા ભરતનાટ્યમ અને મોહિની અટ્ટમ ક્ષેત્રે જાણીતી નૃત્ય બેલડી છે. ઉન્નતિ મોહિની અટ્ટમમાં માસ્ટર્સ ગ્રેજ્યુએટ છે અને તેણે ૯ વર્ષથી ભરતનાટ્યમની તાલીમ પણ લીધી છે. ધારા રૂઘાની એક ભરતનાટ્યમ નૃત્યાંગના છે, જેણે જાણીતા કલાકાર ટેરેન્સ લુઈસ સાથે સમકાલીન/જાઝ/બેલેટમાં પણ તાલીમ લીધી છે. અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટરની વર્તમાન આવૃત્તિમાં ધારા અને ઉન્નાતિએ મોહિનીઅટ્ટમ અને ભરતનાટ્યમના માધ્યમથી મહાપ્રભાના ચિત્રને સ્ટેજ ઉપર જીવંત કર્યું. તેમની રજુઆત પોતાની રીતે દર્શકોનો મહાપ્રભાના જીવનનો અનુભવ કરાવે છે. આ નૃત્ય રજુઆતે સાબિત કરી બતાવ્યુ કે કોઈપણ કલા તમને બીજી દુનિયામાં લઈ જઈ શકે છે. જાણીતા નાટ્યકાર પ્રમથે તેમના પોસ્ટ મોર્ડન લોક શૈલીના નાટક ગાંડાલાલ નુ ફુલેકુમાં લોક સંગીત અને ફટાણાના ટ્વિસ્ટ સાથે લગ્નના ઘટનાક્રમ દ્વારા એક પરંપરીક લગ્નની વાર્તા રજૂ કરી. આ નાટક એવા બે જમીનદારોની વાર્તા રજુ કરે છે, જેઓ પોતાના બાળકોના લગ્ન કરાવવા માંગે છે. પરંતુ કલાસિક ગડબડીને કારણે છોકરીએ એક માનસિક રીતે અસ્થિર પુરુષ સાથે લગ્ન કરવા પડે છે અને વિચિત્ર ઘટનાઓની હારમાળા સર્જાય છે. થિયેટર આર્ટ્સમાં માસ્ટર ડિગ્રી ધરાવતો પ્રમથ નાટક જગતમાં ૧૨ વર્ષની સફળ કારકિર્દી ધરાવે છે. કથક પ્રેમી ધારા વનેરાએ કદમ સેન્ટર ફોર ડાન્સ ખાતેથી પોતાની નૃત્ય યાત્રાનો પ્રારંભ કર્યો હતો અને આઠ વર્ષોમાં નૃત્ય જગતમાં એક જાણીતા અને અનુભવી કલાકાર બની ગયા છે. અત્યારે તેઓ કથક નૃત્ય શિક્ષક તરીકે તેમના અનુભવો ઉભરતા કલાકારો સાથે વહેંચી રહ્યા છે. સાથે જ તેઓ ICCR ગુજરાતની સંગીત નાટક એકેડેમી જેવા કાર્યક્રમોના મંચની શોભા વધારે છે. અભિવ્યક્તિ-ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિમાં આ મંચ ઉપર ધારાએ કથક અને જીવંત ગુજરાતી લોકસંગીતના સુમેળ મિશ્રણવાળી નૃત્ય રજુઆત ચકોરી રજૂ કરી. આ રજુઆતમાં તે ગુજરાતી સંસ્કૃતિના ઓળખ સમાન ગરબાને કથક સાથે જોડીને પોતાની માતાની સફરને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. ધારાએ કથક નૃત્યનો વ્યાપક અનુભવ ધરાવતી પોતાની ટીમ સાથે આજની સાંજને અવિસ્મરણીય બનાવી દીધી. કથક અને ભરતનાટ્યમ શૈલીમાં પી.એમ. કુમારે તેમનું પ્રદર્શન "તમે અહીં છો" રજૂ કર્યું. પી.એમ. કુમારે ૫૦૦ થી વધુ તબક્કામાં નોંધપાત્ર કારકિર્દી સાથે પોતાને એક ગતિશીલ કલાકાર તરીકે સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે. ભારત અને વિદેશોમાં પ્રતિષ્ઠિત શાસ્ત્રીય નૃત્ય સમારોહની શોભા વધારીને તેમણે પોતાની પ્રતિભાને સીમા પાર પહોંચાડી દીધી છે. પોતાના રજુઆતમાં પી.એમ. કુમારે ભરતનાટ્યમ અને કથકને જોડીને વર્તમાનમાં જીવવાનો સંદેશ અસરકારક રીતે રજુ કર્યો. માછલી અને વસંત, વૃક્ષો અને ફૂલો, અગ્નિ અને ચમક એમ ત્રણ આકર્ષક વાર્તાઓ દ્વારા તેઓ દર્શકોને વર્તમાન ક્ષણની સુંદરતાને સ્વીકારી લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

# માંગરોળ રંગોળી સ્પર્ધામાં બીજુ સ્થાન મેળવ્યું

(નિલેશ રાજપરા દ્વારા)



માંગરોળ, તા.૩૦ શ્રી સોરઠીયા પ્રજાપતિ યુવા સોશિયલ ગ્રુપ આયોજિત **I am social** અંતર્ગત યોજાયેલી રંગોળી સ્પર્ધાની અંદર શ્રી ગુંજનબેન કૌશિકભાઇ ધોકિયા દ્વારા પ્રજાપતિ સમાજના ઈષ્ટદેવ પરમ વંદની અને પૂજની એવા શ્રીબાઈ માતાની ખુબ સરસ નયન રમ્ય રંગોળી બનાવી અને બીજો નંબર પ્રાપ્ત કર્યો છે એમની આ કલા કૃતિ અને રંગોળીકલા દ્વારા આધ્યાત્મિકતાના વિચાર રજુ કરી સમગ્ર સમાજ તેમજ પરિવારનું નામ રોશન કર્યું છે.

# ઉના : પુલની મરામત માટે નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવેના અધિકારી એક બીજાને ખો આપી જવાબદારીમાંથી છટકી જાય છે !

## દિવસ ૧૦માં કામગીરી નહીં કરાય તો આંદોલનના મંડાણ થશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૦ ઉના ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ ઈશ્વરભાઈ યુ. જેઠવાણી અને મહા મંત્રી મિતેષભાઈ એચ. શાહ અને ૨૪થી વધુ વેપારી એસોસીએશનના આગેવાનો ઉનાની પ્રાંત કચેરીએ જઈ ગુજરાત સરકારના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરને લખેલું આવેદનપત્ર પ્રાંત અધિકારીને આપી રજૂઆત કરી હતી કે ઊના શહેર માં પ્રવેશવા માટે ભવનગર રોડ ઉપર મછુંદ્રી નદી ઉપર ૬૦થી ૭૦ વરસ જૂનો પુલ આવેલ છે જે એક દમ જર્જરિત થઈ ગયો છે. ચોમાસામાં ભારે વાહનો ચાલવાથી ઠેક ઠેકાણે મોટા એકફૂટ ઊંડા બે ફૂટ પહોળા ખાડાઓ પડી ગયા છે. આ પુલ ઉપરથી રોજ ચારથી પાંચ સ્કૂલે સેકડો વિદ્યાર્થીઓ સાયકલ ચલાવી અને સ્કૂલ બસો અને રિક્ષાઓ જાનના જોખમે પસાર થાય છે. છાસ વારે અકસ્માત થાય છે. લોકોને ખુબ મુશ્કેલી પડે છે. આ અંગે પુલની મરામત અને પેવર રોડ બનાવવા નેશનલ હાઈવેના અધિકારીને રજુઆત કરતા આ પુલ હવે અમારા હસ્તક નથી. આ પુલ સ્ટેટ હાઈવેને સોંપેલ છે. જ્યારે સ્ટેટ હાઈવેના અધિકારીને રજૂઆત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ રસ્તો અને પુલ એમને સોંપેલ નથી. આમ અધિકારીઓ કામ નહિ કરવા એક બીજાને ખો આપે છે. પ્રજા મુશ્કેલી ભોગવી રહી છે. તેથી જો દિવસ આઠમાં પુલની મરામત અને પેવર રોડ નહિ કરવામાં આવેતો વેપારી સંગઠનો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન અને રસ્તા રોકો આંદોલન ઊના બંધ જેવા આંદોલન કરશે અને તમામ જવાબદારી સરકારની રહેશે. તેમ જણાવેલ છે.

# ઉના તાલુકાના મેણ ગામે ઝેરી દવા પી મૃત્યુ થવાનાં કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ૩૦૬ હેઠળ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૦ ઉના તાલુકાના મેણ ગામે રહેતા લાલજીભાઈ હમીરભાઈ સાંખટ પાસે થોડા દિવસો પહેલા મેણ ગામના મુનાબાબુ મકવાણા અને ધીરૂ અરસી સોલંકી ગામ મા ગૌ શાળા બનાવવા માટે ફાળો માંગવા આવેલ હતા. ત્યારે લાલજીભાઈએ તેમને કહેલ કે ગામની ગૌચર જમીન ઘણી બધી પેશ કદમીમાં દબાએલ છે. તે ખુલ્લી કરાવો તે વાત બાબતે બોલાચાલી થતાં આ બન્ને શખ્સોએ ભૂંડી ગાળો આપી છરી વડે પેટમાંથી આંતરડા બહાર કાઢી નાખી જાનથી મારી નાખીશની ધમકી આપી ચાલ્યા ગયા હતા. અને લાલજીભાઈ આ શખ્સો મારી નાખશે તેવા ભયથી ઘરના ફળિયામાં પડેલ શાક ભાજીમાં છાંટવાની ઝેરી દવાપી જતા ઉલ્ટીઓ થતાં ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા અને ત્યાં પણ લાલભાઈના દીકરા દિલીપભાઈને પણ આ બન્ને આરોપીઓ આવી ધમકી આપી નાસી ગયા હતા અને ઊના પોલીસમાં દિલીપભાઈએ ફરિયાદ નોંધાવી હતી અને પિતા લાલજીભાઈને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન લાલજીભાઈનું મોત થયું હતું અને પોસ્ટ મોર્ટમ માટે ઊના હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા અને દિલીપભાઈ અને સમાજના આગેવાનોએ આરોપી સામે આઈ.પી.સી. ૩૦૬ની કલમ ઉમેરવા માંગણી કરી હતી અને કલમના ઉમેરાય ત્યાં સુધી મૃત દેહ સ્વીકારવા ઈનકાર કરેલ હતો અને પોલીસએ બન્ને આરોપીઓ સામે ૩૦૬ની કલમ ઉમેરતા મૃત દેહ સ્વીકારી લીધો હતો. અને પોલીસ વધુ તપાસ શરૂ કરી છે.


## તબીબી જગતને પડકાર ફેંકી કપાઈને અલગ થયેલી ઈન્દ્રિયને ફરી કાર્યરત કરતો ગુજરાતનો સૌ પ્રથમ અસાધારણ કિસ્સો!

કિડની, પથરી અને પ્રોસ્ટેટની આધુનિક સારવાર આપતી સૌરાષ્ટ્ર-કચ્છ ની રાજકોટની યુરોકેર કિડની હૉસ્પિટલમાં જવલ્લે જ જોવા મળતો સર્જરીનો અસાધારણ કેસ પ્રકાશમાં આવ્યો છે.


ડૉ. જીતેન્દ્ર અમલાણી


ડૉ. જીગ્નેન ગોહેલ


ડૉ. પ્રતીક અમલાણી


ડૉ. ધૃતિ કલસરીયા અમલાણી


ડૉ. ભાયાણી


ડૉ. ભાલોડીયા

તાજેતરમાં તા. 08-10-2023 ના રોજ સોમનાથ-વેરાવળ ના 21 વર્ષીય યુવાનનું કોઇ અગમ્ય કારણોસર યુવતીના સગાઓ દ્વારા ઇન્દ્રિય કાપી નાખી અલગ કરી જધન્ય કૃત્ય આચરી યુવાનને લોહીલુહાણ કરેલો હતો. યુવકના પરિવાર દ્વારા તાત્કાલિક રાજકોટની યુરોકેર કિડની હૉસ્પિટલના ડૉક્ટરો સાથે ટેલિફોનિક સંપર્ક કરીને ઇન્દ્રિય જોડી આપવા વિનંતી કરેલી. જેથી કપાયેલી ઇન્દ્રિયને બરફમાં મૂકી દર્દી સાથે તાત્કાલિક રાજકોટ યુરોકેર હૉસ્પિટલે પહોંચતા કરવા ડૉક્ટરો દ્વારા સૂચન કરવામાં આવ્યું. યુવાન પહોંચે એ પૂર્વે હૉસ્પિટલ દ્વારા ઓપરેશન ની સંપૂર્ણ તૈયારી કરવામાં આવી હતી. ઇજાગ્રસ્ત યુવાન હૉસ્પિટલ આવતા યુરોલોજીસ્ટ ડૉ. જીતેન્દ્ર અમલાણી, ડૉ. જીગ્નેન ગોહેલ, ડૉ. પ્રતીક અમલાણી, ડૉ. ધૃતિ કલસરીયા અમલાણી તથા લોહીની નળીના પ્લાસ્ટિક સર્જન ડૉ. ભાયાણી અને ડૉ. ભાલોડીયા તેમજ એનેસ્થેસિયાલોજીસ્ટ ડૉ. હિતેશ ભીમાણીની ટીમે તાત્કાલિક ઉચ્ચકક્ષાની જટીલ સર્જરી કરી



6 કલાકની મહેનત બાદ સફળ ઓપરેશન પાર પાડી શરીર સાથે ઇન્દ્રિય જોડી આપી, પરિણામે ઇન્દ્રિય માંથી પેશાબ આવવાનો ચાલુ થઇ, ઇન્દ્રિય ઉત્થાન કરી પુનઃ કાર્યરત થઇ ગઇ હતી. યુરોકેર કિડની હૉસ્પિટલના યુરોલોજીસ્ટ ડૉક્ટરોની ટીમના જણાવ્યા મુજબ શરીરથી છુટા પડેલા અંગોને યોગ્ય રીતે સંગ્રહ કરી, શક્ય તેટલા જલ્દી હૉસ્પિટલે પહોંચાડવામાં આવે, તો શરીર સાથે પુનઃ જોડી શકાય છે. પરંતુ અમુક કલાકો વીત્યા બાદ અંગોને જોડવું શક્ય બનતું નથી. આવા કેસમાં વિલંબ થવાથી દર્દીને જીવનભર પેશાબની ઇન્દ્રિય વગર પેશાબની તકલીફ ભોગવવી પડે છે અને જાતીય જીવન નષ્ટ થઇ જાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# ગુજરાતમાં ગ્રીન મિથેનોલ અને ગ્રીન ઈથેનોલના ઉત્પાદન માટે રૂ.૧,૦૦૦ કરોડના MoU

## ગુજરાત હાલમાં ભારતની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં ૧૫% યોગદાન આપે છે



ગાંધીનગર,તા.૩૦

ગુજરાત સરકાર જાન્યુઆરી ૨૦૨૪માં દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારી કરી રહી છે. અત્યાર સુધીમાં ૬ આંતરરાષ્ટ્રીય અને ૮ રાષ્ટ્રીય સ્તરના રોડ શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતો હાથ ધરવામાં આવી છે. આ રોડ શોના પ્રતિનિધિમંડળો વિવિધ ક્ષેત્રોમાં વન-ટુ-વન મીટિંગ્સ, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને સેમિનાર દ્વારા ૧૦૦૦ થી વધુ કંપનીઓ સાથે મુલાકાત કરી ચુક્યા છે. આ મુલાકાતોએ ગુજરાત સરકારને માનનીય વડાપ્રધાનના "વિકસિત ભારત @૨૦૪૭"ના વિઝનમાં યોગદાન આપવા માટે ગુજરાતનો રોડમેપ દર્શાવવાની તેમજ તેની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા માટે આમંત્રિત કરવાની તક પૂરી પાડી છે. ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આ મુલાકાતોએ રાજ્યની વિકાસયાત્રા પ્રદર્શિત કરવાની, ભવિષ્યના વિકાસ માટેના રાજ્યના વિઝનને શેર કરવાની અને ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા માટે તેમને આમંત્રિત કરવાની અનન્ય તક પૂરી પાડી છે. ગુજરાત હાલમાં ભારતની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં ૧૫% યોગદાન આપે છે, જે તેને સૌથી ઝડપથી વિકસતા પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદક ક્ષેત્રોમાંનું એક બનાવે છે. આ ઉપરાંત ગુજરાત સરકારે તાજેતરમાં રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૩ પણ લોન્ચ કરી છે. આ નીતિ રાજ્યને તેની ઉર્જા જરૂરિયાતોના ૫૦% રિન્યુએબલ ઉર્જા સ્ત્રોતોમાંથી મેળવવા માટે સક્ષમ બનાવશે, જે ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને ૪૫% ઘટાડવાના ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદ કરશે. ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન તરફ આગળ વધતાં, ગુજરાત સરકારે જમીન ફાળવણી નીતિ પણ જાહેર કરી છે જે રાજ્યને ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા માટે સંખ્યાબંધ પ્રોત્સાહનો પ્રદાન કરે છે. આ નીતિ અનુસાર, ગ્રીન હાઈડ્રોજન કંપનીઓએ તેમના પ્લાન્ટ શરૂ કર્યાના પાંચ વર્ષમાં પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતાના ૫૦% અને આઠ વર્ષમાં ૧૦૦% ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરવી પડશે. આ લક્ષ્યો હાંસલ કરવા માટે, ગુજરાત સરકારે ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની અગ્રણી વૈશ્વિક કંપનીઓ અને મુંબઈ, નવી દિલ્હી, કોલકાતા અને ચંદીગઢની રાષ્ટ્રીય ઊર્જા અને ગ્રીન હાઈડ્રોજન કંપનીઓ સાથે ઘણી બેઠકો યોજી હતી. પ્રતિનિધિમંડળે ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એનર્જી ક્ષેત્ર માટે ગુજરાતનું વિઝન શેર કર્યું હતું અને ગુજરાતમાં ઉપલબ્ધ વિવિધ તકોની ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન રોકાણમાં રસ દાખવનારી કંપનીઓ અલ્ટરનેટીવ ફ્યુઅલ પ્રોડક્શન, ગેસ/ટેકનોલોજી સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ, લિથિયમ-આયન બેટરી ઉત્પાદન, સોલાર પીવી મોડ્યુલ્સ ઉત્પાદન, ડીકાર્બોનાઈઝેશન ઈનીશિએટીવ અને ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન જેવા વિવિધ પેટા-ક્ષેત્રોની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ છે. વધુમાં, ડેનિશ મેરીટાઈમ કંપનીઓએ પણ ગુજરાતના બંદરો પરથી ગ્રીન મિથેનોલ અને ગ્રીન ઈથેનોલ ખરીદવામાં રસ દાખવ્યો છે. વધુમાં, વેલસ્પન અને કિરી ઈન્ડસ્ટ્રીઝ જેવી ભારતીય કંપનીઓએ ગુજરાતથી યુરોપમાં ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયાની નિકાસની સુવિધા માટે લિલી નેવિટાસ (જર્મની) અને સુન્ડ્રોનિક્સ (જર્મની) સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. શિપિંગ માટે ગ્રીન ફ્યુઅલની વિશાળ સંભાવનાને ઓળખીને, શક્તિ ગ્રુપે ગુજરાતમાં ગ્રીન મિથેનોલ અને ગ્રીન ઈથેનોલના ઉત્પાદન માટે રૂ. ૧,૦૦૦ કરોડના રોકાણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. ગુજરાતની રોકાણકાર મૈત્રીપૂર્ણ નીતિઓ, ફય્જી ૨૦૨૪ અંતર્ગત સાઈન કરાયેલા ર્રં અને રાજ્યમાં અત્યાર સુધી આકર્ષિત રોકાણ ગુજરાત માટે વૈશ્વિક ગ્રીન હાઈડ્રોજન કેપિટલ બનવાનો માર્ગ મોકળો કરી રહ્યા છે.

## તંત્રી લેખ

### કાશ્મીરમાં શાંતિ સ્થાપના માટે વડાપ્રધાન - ગૃહમંત્રીની થઈ રહી છે પ્રશંસા

પહેલી નજરમાં એ ઘણું આશ્ચર્યજનક લાગે છે કે એક જમાનામાં મોદી સરકારની કટ્ટર ટીકાકાર રહેલી જેએનયુમાં છાત્રસંઘની પૂર્વ ઉપાધ્યક્ષ શેહલા રશીદે મોદી સરકારની પ્રશંસા કરી છે. શેહલાએ કેન્દ્રની નીતિઓને યોગ્ય ઠેરવતાં કાશ્મીરમાં શાંતિ સ્થાપના માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની પ્રશંસા કરી છે. એક જમાનામાં મોદી સરકાર અને ભારતીય સેના પર ગંભીર આરોપ લગાવનારી શેહલા રશીદે કહ્યું છે કે કાશ્મીરમાં માનવાધિકાર રેકોર્ડ નિરંતર બહેતર થઈ રહ્યા છે અને કાશ્મીરીઓની ઓળખનું સંકટ હવે નથી રહ્યું. શેહલાએ રાજકીય સંદર્ભમાં જ નહીં, પરંતુ તેનાથી અલગ પણ કેન્દ્ર સરકારની ઊર્જા નીતિની પ્રશંસા કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૯માં જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને રદ્દ કરવામાં આવી હતી, તો કેટલાય લોકોએ તેનો ભારે વિરોધ કર્યો હતો, જેમાં શેહલા પણ સામેલ હતી. પરંતુ ત્યારે તે એ રીતે ચર્ચામાં નહોતી આવી, જે રીતે પાછલા દિવસોમાં કાશ્મીરની ગાઝા સાથે તુલના કર્યા બાદ તે દેશ-વિદેશના મીડિયામાં ચમકી રહી છે.

ગત દિવસોમાં એક સમાચાર એજન્સીને ઈન્ટરવ્યૂ આપતાં શેહલા રશીદે કહ્યું, 'કાશ્મીર પહેલાં માત્ર વિરોધ પ્રદર્શનોમાં સામેલ હતું, અહીં જે કંઈ થયું તે ઉગ્રવાદ અને ઘૂસણખોરીની ઘટના હતી, જે હવે ખતમ થઈ ગઈ છે. હું તેનો શ્રેય વડાપ્રધાન અને ગૃહમંત્રીને આપવા માંગું છું, જેમણે કાશ્મીરમાં એક એવી રાજકીય સ્થિતિ સુનિશ્ચિત કરી છે, જેને રક્તહીન ક્રાંતિ કહેવી જોઈએ.' યાદ રહે કે એક સમયે શેહલા રશીદ કેન્દ્ર સરકારની નીતિઓની ઘોર વિરોધી હતી અને તેની સહાનુભૂતિ કાશ્મીરના આંદોલનકારો સાથે હતી, પરંતુ જ્યારે આ સંબંધે તેને પૂછવામાં આવ્યું તો તેણે સાફ શબ્દોમાં કહ્યું, 'હા, ૨૦૧૦ સુધી એવું હતું. પરંતુ આજે જ્યારે હું બદલાયેલી સ્થિતિઓને જોઉં છું તો હું આ સ્થિતિઓ માટે વર્તમાન કેન્દ્ર સરકારને ધન્યવાદ આપું છું.'

આ દૃષ્ટિએ એક મહત્ત્વપૂર્ણ વાત એ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં જમ્મુ-કાશ્મીરનો એક મોટો વર્ગ, જેમાં વિશેષ તો યુવા સામેલ છે, તે પારંપરિક અલગતાવાદના વિરોધી છે અને જમ્મુ કાશ્મીરને પણ દેશના અન્ય હિસ્સાની જેમ મુખ્યધારામાં સામેલ થતા જોવા માગે છે. સાથે જ ઈચ્છે છે કે તેમનું ભવિષ્ય પણ દેશના મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ અને પુણે જેવા મહાનગરોમાં દેશના બીજા યુવાઓની જેમ ચમકદાર આશાવાળું છે. જ્યારે કાશ્મીરમાં કલમ ૩૭૦ રદ્દ કરવામાં આવી, તો શરૂઆતમાં તેનો બહુ મોટા સ્તરે વિરોધ થયો, પરંતુ ધીમે ધીમે એ વિરોધ કમજોર થયો અને જો અહીં શાંતિના વાતાવરણને તુલનાત્મક રીતે જોઈએ તો તે ૨૦૧૯ પહેલાંના મુકાબલે સતત બહેતર થઈ રહ્યું છે. બની શકે કે તેમાં એક મોટી કોશિશ મશીની રહી હોય, પરંતુ એ મશીની કોશિશે જે વાતાવરણ પેદા કર્યું છે, તે હવે બદલાવ લાવી રહ્યું છે.

જોકે આતંકવાદી નથી ઈચ્છતા કે લોકોના દિલોદિમાગમાં એ વાત ઘર કરે કે કાશ્મીરમાં હવે શાંતિ અને સહજતાનું વાતાવરણ બની રહ્યું છે, તેથી વચ્ચે વચ્ચે તેઓ એવી હરકતો કરી દે છે, જેનાથી લાગે કે આતંકવાદ પર નિયંત્રણના દાવા ખોખલા છે. પરંતુ તથ્યોને ખોટા ન કહી શકાય. ૨૦૧૯થી જૂન ૨૦૨૩ સુધી કાશ્મીરમાં થનારી આતંકી ઘટનાઓમાં પહેલાંની તુલનામાં લગભગ ૫૦ ટકા સુધીનો ઘટાડો આવ્યો છે અને આતંકવાદીઓ દ્વારા માર્યા ગયેલા લોકોના સરેરાશ આંકડામાં પણ ૬૦ ટકાથી વધારેનું અંતર આવ્યું છે. જ્યારે આ દરમ્યાન સીમા પારથી ઘૂસણખોરીની કોશિશ કરનારા આતંકીઓના મોતનો આંકડો સરેરાશમાં પહેલાં કરતાં વધ્યો છે. હવે ૧૦માંથી ૯ ઘૂસણખોરોની કોશિશો નિષ્ફળ બનાવવામાં આવે છે અને જો એકાદની કોશિશમાં આતંકી ઘૂસણખોરી કરવામાં સફળ રહે પણ છે, તો તે જલ્દી સેનાની ગોળીઓનો શિકાર બને છે.

એ વાત અલગ છે કે આ દરમ્યાન આ આતંકી વિશ્વનું ધ્યાન ખેંચવા માટે કંઈક એવું કરવાની કોશિશ કરે છે કે દેશ અને દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચી શકે. પરંતુ કાશ્મીરની નવી પેઢીની સહાનુભૂતિ આતંકીઓ સાથે નથી, પરંતુ આ પેઢી પોતાના સોનેરી ભવિષ્યની ચિંતા કરી રહી છે તથા દેશમાં અલગથી ચિહ્નિત થવાની પોતાની ઓળખથી મુક્ત થવા માંગે છે. શેહલા રશીદ જેવા ગણ્યાગાંઠ્યા અને જાણીતા એક્ટિવિસ્ટ જ નહીં, પરંતુ પાછલાં ચાર વર્ષોમાં કેટલાય હજાર એવા એક્ટિવિસ્ટોએ પોતાનું મન બદલ્યું છે. કાશ્મીરને લઈને પારંપરિક વલણ છોડીને અહીં વિકસિત થઈ રહેલ વાતાવરણમાં તેમણે શાંતિ અનુભવી છે અને આ શાંતિના પક્ષમાં પોતાની સહમતિ પણ વ્યક્ત કરી રહ્યા છે.

# રાસાયણિક ખેતીમાં ખર્ચ વધુ અને આવક ઓછી, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આવક વધુ અને ખર્ચ સાવ ઓછો : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



ગાંધીનગર તા.૩૦

કૃષિ અને પશુપાલન કરતી ગુજરાતની મહિલાઓને રાજભવનમાં આયોજિત પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને પ્રાકૃતિક કૃષિના મિશનમાં નેતૃત્વ કરવા અનુરોધ કર્યો હતો. સતત ચાર દિવસ સુધી અલગ-અલગ જિલ્લાઓની મહિલાઓ સાથે પરિસંવાદ થયો. ખેતી કરતી મહિલાઓએ પણ ઉત્સાહપૂર્વક પ્રાકૃતિક કૃષિ અપનાવવાના સંકલ્પ લીધા હતા. ચાર દિવસના પરિસંવાદ પછી રસ ધરાવતી બહેનોને રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિની વિશેષ તાલીમ અને માર્ગદર્શન વિનામૂલ્યે આપવામાં આવશે.

આ બહેનો પોતાના ખેતરને પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવે એ માટે જરૂરી તમામ માર્ગદર્શન અપાશે. આ મહિલાઓ રાજ્યની અન્ય મહિલાઓને પણ પ્રાકૃતિક કૃષિ માટે પ્રોત્સાહિત કરશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સતત ચાર દિવસ સુધી અલગ-અલગ જિલ્લાની બહેનો સાથે બે-બે કલાક સુધી સંવાદ કરીને પ્રાકૃતિક કૃષિની અનિવાર્યતા, પદ્ધતિ અને ફાયદાની વિસ્તૃત સમજણ આપી હતી. ચાર દિવસો દરમિયાન ૫૦૦૦ થી વધુ બહેનોએ પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પરિસંવાદના છેલ્લા દિવસે આજે સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની મહિલા ખેડૂતો-પશુપાલક મહિલાઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાસાયણિક ખેતીમાં ખર્ચ વધુ અને આવક ઓછી છે. જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આવક વધુ અને ખર્ચ સાવ ઓછો છે. રાસાયણિક ખેતીથી ભૂમિ, હવા, પાણી, મનુષ્ય; સૌના સ્વાસ્થ્યને નુકસાન થાય છે, એટલે એ રીતે પણ રાસાયણિક ખેતી મોંઘી પડે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીથી ભૂમિ, હવા, પાણી અને મનુષ્ય; સૌનું સ્વાસ્થ્ય સુધરે છે. પ્રાકૃતિક ખેતીથી પ્રકૃતિ પ્રસન્ન થાય છે, આશીર્વાદ આપે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન વધે છે અને પાકની ગુણવત્તા પણ સારી થાય છે. પોતાનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, કુરુક્ષેત્ર હરિયાણાના તેમના ૧૮૦ એકરના ફાર્મમાં આ સિઝનમાં પ્રતિ એકર સરેરાશ ૩૫ ક્વિન્ટલ ડાંગરનું ઉત્પાદન થયું છે. જ્યારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ૨૮ થી ૩૦ ક્વિન્ટલ ઉત્પાદન મળ્યું છે. પ્રાકૃતિક ખેતીમાં પ્રતિ એકર માત્ર રૂપિયા ૨૦૦૦ જેટલો ખર્ચ થાય છે જ્યારે રાસાયણિક ખેતીમાં ?૧૪ થી ૧૫ હજારનો ખર્ચ થાય છે. ૫૦% પાણીમાં સિંચાઈ થઈ જાય છે. આમ પ્રાકૃતિક કૃષિ ફાયદાની ખેતી છે એમ તેમણે સમજાવ્યું હતું.

લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજી પણ આજે મહિલા પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ડૉ. સી. કે. ટિમ્બડીયાએ સ્વાગત ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે, ચાર દિવસના મહિલા પરિસંવાદ પછી ૫૦૦ જેટલી ખેડૂત બહેનો પસંદ કરીને તેમને વિશેષ તાલીમ અપાશે. આભાર વિધિ શ્રી ડૉ. રમેશભાઈ સાવલિયાએ કરી હતી. પરિસંવાદના અંતિમ દિવસે ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ડૉ. મીનલ જાની, મહિલા આગેવાનો શ્રીમતી કોકીલાબેન કાકડીયા, શ્રીમતી ડિમ્પલબેન પટેલ, શ્રીમતી ગીતાબેન પટેલ, શ્રીમતી જીજ્ઞાબેન કાટેસીયા, શ્રીમતી હંસાબેન ચાવડા અને શ્રીમતી અમિતાબેન બંધીયા ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં પ્રધાનમંત્રી મોદી તા. ૩૦ નવેમ્બરના રોજ દેશભરમાં ઓનલાઈન સંવાદ કરશે

ગાંધીનગર તા.૩૦

ભારત સરકારશ્રી દ્વારા છેવાડાના લોકો સુધી કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થી અને નાગરિકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા ગાંધીનગર જિલ્લામાં 'વિકસીત ભારત સંકલ્પ યાત્રા' નો આજથી આરંભ કરવામાં આવી રહ્યો છે. આ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દભાઈ મોદીના સંવાદનો કાર્યક્રમ તા. ૩૦/૧૧/૨૦૨૩ ના રોજ યોજાશે. જેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનાં નક્કી કરાયેલ ગામોમાં 'વિકસીત ભારત સંકલ્પ યાત્રા' દરમ્યાન સવારે ૧૧ વાગ્યે લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. આ સંવાદનું જીવંત પ્રસારણ https://pmindiawebcast.nic.in પર નિહાળી શકાશે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના તમામ ગામને યાત્રામાં આવરી લેવામાં આવશે ગાંધીનગર જિલ્લામાં ચારેય તાલુકાના ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ ફરશે. યાત્રા દરમિયાન જે ગામમાં રથ પહોંચશે ત્યાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જેમાં પ્રધાનમંત્રીનો સંદેશ, વિકાસ ફિલ્મનું નિદર્શન, લાભાર્થીના મુખે યોજનાકીય લાભોની સાફલ્યગાથા મેરી કહાની, મેરી જુબાની સ્વરૂપે પ્રસ્તુત થશે. આ પ્રસંગે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાકીય લાભો અપાશે. આરોગ્ય કેમ્પ, પશુ આરોગ્ય કેમ્પ, મહિલા લાભાર્થી સન્માન જેવા કાર્યક્રમો પણ યોજાશે. ગ્રામીણ ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૦૬ ક.) તા.૩૦ નવેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૧૬, આર્દ્રા નક્ષત્ર, શુભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૧૬, સૂ.અ.૬:૦૩

આજનો દિવસ બપોરે ૨:૨૫ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુઃખાવો રહે.
વૃષભ:નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો.
મિથુન:વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
કર્ક: તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો.
સિંહ: મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે.
કન્યા: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે.
તુલા: આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે.
વૃશ્ચિક:નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ.
ધન: વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે.
મકર: માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય.
કુંભ: મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને.
મીન: નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય.

# ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી" સંદર્ભે EDII સાથે MOU કરાયા



ગાંધીનગર તા.૩૦

રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા) સાથે ર્રં કરવામાં આવ્યા હતા. રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી અમલમાં મુકવામાં આવેલ છે. આ પોલીસીની અસરકારક અમલવારી માટે જ આજે આ ર્રં કરવામાં આવ્યા છે. આ પોલીસી અંતર્ગત પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફીસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ઉદ્યોગ સાહસિકતા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લઈ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે ૪૦,૦૦૦/- રૂપિયા જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જેના ફળસ્વરૂપે વિદ્યાર્થીઓમાં રહેલા નવોન્મેષ વિચારો, સ્કીલ ને પ્લેટફોર્મ મળશે અને સમાજમાં નવા આંતરપ્રિન્યોર્સ તૈયાર થશે. આ ર્રં પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાતના ૧૦૦થી વધુ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી આચરાઈ

## ગુરૂગ્રામના એક સ્ટાર્ટઅપે પહેલાં કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા પ્રોબેશન તરીકે નોકરી આપી અને પછી વિદ્યાર્થીઓના નામે બેંકમાંથી કરોડો રૂપિયાની લોન લીધી

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડીનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસને પહોંચેલી ફરિયાદમાં ગુરૂગ્રામમાં એક વિદ્યાર્થીએર સ્ટાર્ટઅપ ઉપર આરોપ લગાવ્યો છે કે તેણે તેને નોકરી આપ્યા બાદ તેના નામે લોન લીધી છે. ફરિયાદીએ તેની અરજીમાં તેના પુરાવા પણ મૂક્યા છે.

ગુજરાતના ૧૦૦ થી વધુ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડીનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આમાં ગુરૂગ્રામના એક સ્ટાર્ટઅપે પહેલાંર કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા પ્રોબેશન તરીકે નોકરી આપી અને પછી વિદ્યાર્થીઓના નામે બેંકમાંથી લોન લીધી. આ લોન એજ્યુકેશન લોન તરીકે લેવામાં આવી હતી. વર્ક ફ્રોમ હોમ દ્વારા સ્ટાર્ટઅપમાં કામ કરતા વિદ્યાર્થીઓને આ વાતની જાણ ત્યારે થઈ જ્યારે તેઓને બેંક તરફથી ઈએમઆઈ (હપ્તો) ભરવાના મેસેજ આવવા લાગ્યા. આ પછી, જ્યારે વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ પ્રતિનિધિઓ સાથે વાત કરી તો તેઓએ કહ્યું કે લોનની રકમ થોડા દિવસોમાં એડજસ્ટ થઈ જશે. ગુરૂગ્રામના સ્ટાર્ટઅપમાંર કામ કરતા વિદ્યાર્થીઓનો આ મામલો અહીં જ અટક્યો નથી. ૫,૦૦૦ રૂપિયાની EMI વિદ્યાર્થીઓના પગારમાંથી તેમના ખાતામાંથી ઓટો કપાઈ જવા લાગી. ગુરૂગ્રામ સ્ટાર્ટઅપનીર છેતરપિંડીમાં પણ ફસાયેલો એક ગુજરાતી વિદ્યાર્થી અમદાવાદના સોલામાં આવેલી એન્જિનિયરિંગ કૉલેજનો છે. આ બધું પ્લેટગ્રુપ જૂથોમાં થયું. સ્ટાર્ટઅપ તરફથી ઘણા બધા દસ્તાવેજો અને કરારો પછી, આ તમામ વિદ્યાર્થીઓ પાસેથી ડિજિટલ હસ્તાક્ષર લેવામાં આવ્યા હતા. જ્યારે સ્ટાર્ટઅપની છેતરપિંડીનો શિકાર બનેલા ઓટોમોબાઈલ એન્જિનિયર અલવાઝ પઠાણે અમદાવાદના શાહપુર પોલીસ સ્ટેશનમાં આ સમગ્ર મામલાની ફરિયાદ નોંધાવી ત્યારે પોલીસે કહ્યું કે આ કોઈ છેતરપિંડીનો કેસ નથી, આ એક સિવિલ કેસ છે. પોલીસને આપેલી ફરિયાદ મુજબ, સોલા સ્થિત એન્જિનિયરિંગ કોલેજના કેટલાક જૂથોમાં વર્ષ ૨૦૨૧ માટે પ્લેસમેન્ટ કરવામાં આવ્યું હતું. આ પછી વિદ્યાર્થીઓને ઘરેથી કામ આપવામાં આવ્યું હતું. સ્ટાર્ટઅપ કન્સલ્ટન્સીનું કામ કરે છે. પસંદગી દરમ્યાન વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું હતું કે એક વર્ષ પછી તેમની નોકરીઓ કાયમી થઈ જશે, પરંતુ વિદ્યાર્થીઓનું પ્રોબેશન પૂરૂ થતાં જ. એ જ રીતે, તેને EMI ભરવા માટેના મેસેજ મળવા લાગ્યા. બાદમાં આ રકમ તેમના બેંક ખાતામાંથી કપાવા લાગી હતી. અલવાજ પઠાણના વકીલના જણાવ્યા અનુસાર, જ્યાં કોલેજ આવેલી છે, પરંતુ તેઓએ ફરિયાદ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. આ પછી અમે પાછળથી સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો, જેણે પણ એફઆઈઆર નોંધી ન હતી. હવે ફરિયાદ શાહપુર પોલીસને મોકલવામાં આવી છે, તેઓએ પણ હજુ સુધી FIR નોંધી નથી. એન્જિનિયરિંગ કોલેજના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓના નામે ૨ લાખ રૂપિયાની લોન લેવાના કારણે કુલ રકમ ૨.૫ કરોડ રૂપિયા છે.

# રાજ્યમાં ખેડૂતોના નુકસાન અંગે સર્વે કરાયા બાદ વળતર આપવાની જાહેરાત

ગાંધીનગર, તા.૩૦

રાજ્યમાં છેલ્લા બે દિવસથી કમોસમી માવઠાને કારણે ખેડૂતોના ઊભા પાકને મોટાપાયે નુકસાન થવાની સાથે વીજળી પડવાથી મોટી સંખ્યામાં મૃત્યુ થયાની તથા ઈજા પામવાની ઘટનાઓ પણ બની છે તો અન્ય ઘર-મકાન વગેરેને પણ નુકસાન થયાનું બહાર આવતા સરકારી તંત્ર હવે હરકતમાં આવ્યું છે ત્યારે આવી સ્થિતિમાં પણ સરકાર તરફથી વળતરની કોઈ વિશેષ જાહેરાતને બદલે નુકસાન અંગે સર્વે કરી તેના આધારે સહાય કરવાની વાત આજે સરકાર તરફથી જાહેર કરવામાં આવી છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ૨ દિવસથી વરસતા કમોસમી માવઠા અંગે વાત કરતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા તારીખ ૨૬ અને ૨૭મીએ માવઠાની આગાહી અગાઉથી જ કરવામાં આવી હતી. હાલમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૬૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. અને આ માવઠાને કારણે ૧ મિલિમીટરથી લઈ ૧૪૪ મિલિમીટર જેટલો વરસાદ ઘણા એવા વિસ્તારોમાં નોંધાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ખરીફ પાકને ઘણું એવું નુકસાન થયું છે. ખરીફ પાકોમાં કપાસ તુવેર અને એરંડા જેવા પાકોમાં નુકસાનની ભીતિ વધુ સેવાઈ રહી છે. દરમ્યાન હાલમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાલ જાપાનના પ્રવાસે હોવાથી તેમણે ગુજરાતની અને ગુજરાતના ખેડૂતોની ચિંતા કરતા રાજ્ય સરકારને સતત કાર્યરત રહેવા સૂચના આપી છે. તેમ જણાવતા મંત્રીએ જણાવ્યું કે, વરસાદની માત્રા ઓછી થશે ત્યારે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને જે પણ કંઈ નુકસાન થયું છે, તેનું સર્વે કરીને તેમની સહાય કરવામાં આવશે. અંતે તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના અમુક વિસ્તારમાં બરફના કરા અને વીજળી પણ પડી છે, જેના કારણે વિવિધ વિસ્તારમાં ઘણા એવા સામાન્ય નાગરિકોને પણ તકલીફ પડી છે તેનો પણ સર્વે કરીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોની સહાય કરવા સરકાર કટિબદ્ધ છે.

# CAAના નિયમો માર્ચ ૨૦૨૪ સુધીમાં ઘડવામાં આવશે : કેન્દ્રીય મંત્રી




નવી દિલ્હી તા.૩૦

ગૃહ રાજ્યમંત્રી અજયકુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે, નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA)ના નિયમો માર્ચ ૨૦૨૪ સુધીમાં ઘડવામાં આવશે. પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં એક સભાને સંબોધતા શ્રી મિશ્રાએ સીએએના નિયમો ઘડવામાં વિલંબ અંગે માતુઆ સમુદાયના ભયને દૂર કરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, ડિસેમ્બર ૨૦૧૯માં સંસદ દ્વારા પસાર કરાયેલ કાયદો એ સુનિશ્ચિત કરે છે કે, સમુદાયના સભ્યો નાગરિક બની શકે. તેમણે કહ્યું કે, તમને નાગરિકતાના સંપૂર્ણ અધિકારો મળશે. યોગ્ય દસ્તાવેજો વિના, તમારી સામે કોઈ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. આને અમે એક્ટમાં સમાવી લીધું છે. તેમની નવીનતમ માહિતી મુજબ, લોકસભામાં ગૌણ કાયદા અંગેની સંસદીય સમિતિએ ૯ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીનો સમય નક્કી કર્યો હતો જ્યારે રાજ્યસભામાં સમિતિએ CAA નિયમો ઘડવા માટે ૩૦ માર્ચ, ૨૦૨૪નો સમય નક્કી કર્યો હતો. મંત્રીની ટિપ્પણી લોકસભાની ચૂંટણી પહેલા ખાસ મહત્ત્વ ધરાવે છે. CAA નિયમો ઘડવામાં વિલંબથી મતુઆના એક વર્ગને નારાજ થયો હતો, જેમાં ભાજપનું પ્રતિનિધિત્વ કરતા સમુદાયના ધારાસભ્યો પણ સામેલ હતા. ૨૦૧૯ની ચૂંટણી પછી ભાજપના સંખ્યાબંધ નેતાઓ CAAના અમલીકરણમાં વિલંબને લઈને મતુઆના ભયને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં ગૃહ મંત્રાલયને CAA માટે નિયમો ઘડવા માટે સાતમી વખત એક્સ્ટેંશન આપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, અમને આશા છે કે, CAAના નિયમો જલ્દી ઘડવામાં આવશે. જો કોઈ સમસ્યા હોય તો થોડો વધુ સમયની જરૂર પડી શકે છે. દેશમાં CAA લાગુ કરવામાં આવ્યો છે. તે તમને નાગરિકતા આપવાનું ભારત સરકારનું વચન અને પ્રતિબદ્ધતા છે. આ કાર્યક્રમમાં તેમની સાથે શિપિંગ રાજ્યમંત્રી અને બોનગાંવના ભાજપના સાંસદ સંતનુ ઠાકુર પણ જોડાયા હતા. મતુઆ સંપ્રદાયના સ્થાપકોના વંશજ શ્રી ઠાકુરે સમુદાયના સભ્યોને નાગરિકતા આપવાના વચન ઉપર બોનગાંવથી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી જીતી હતી. મતુઆ સમુદાયમાં હિન્દુ નમસુદ્રાઓનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણા બાંગ્લાદેશ (પૂર્વ પાકિસ્તાન)માંથી સ્થળાંતર કરીને આવ્યા છે, આગામી લોકસભા ચૂંટણી દરમ્યાન દક્ષિણ બંગાળના મોટાભાગોમાં તેઓ નિર્ણાયક પરિબળ બનશે અને CAAના નિયમોનો મુદ્દો તેમના માટે નિર્ણાયક રહેશે. મુખ્યમંત્રી મમતા બેનરજી સહિત તૃણમૂલ કોંગ્રેસનું નેતૃત્વ દાવો કરી રહ્યું છે કે, CAA એક પ્રહસન છે

# ચીન પોતાની રહસ્યમય બીમારીઓને વિશ્વથી સંતાડે નહીં

(એજન્સી) તા.૩૦

ચીનમાં વધુ એક ખતરનાક વાયરસના ફેલાવાના સમાચારે ચિંતા વધારી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ન્યુમોનિયાનો નવો પ્રકાર છે અને ચીનમાં દરરોજ ૭૦૦૦ કેસ સામે આવી રહ્યા છે. ખાસ કરીને બાળકો તેનો ભોગ બની રહ્યા છે, જેના કારણે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ ચીનમાં લોકોને સાવધાન કર્યા છે. શ્વસન સંબંધી રોગોના જોખમને ઘટાડવા માટે લોકોએ એવા જ ઉપાયો અજમાવવા પડશે જે કોરોના દરમિયાન અજમાવવામાં આવ્યાહતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચીનને માહિતી શેર કરવા કહ્યું છે પણ શું આ વખતે ચીન આ નવા વાયરસ વિશે સંપૂર્ણ માહિતી આપશે ? તાજેતરના વાયરસ વિશે પ્રારંભિક માહિતી ૧૩ નવેમ્બરથી બહાર આવવાની શરૂઆત થઈ હતી અને નવીનતમ માહિતી એ છે કે, ચીન આ નવા વાયરસને લઈને સતર્ક છે. ઉપરાંત તેણે કોઈપણ પ્રકારની ચિંતાની વાત હોવાનો ઈન્કાર કર્યો છે. અહેવાલ અનુસાર, ચીનના ઉત્તારીય વિસ્તારોમાં છેલ્લા ત્રણ વર્ષમાં સમાન સમયગાળા દરમ્યાન ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારીઓમાં વધારો જોવા મળ્યો છે. શું આ માત્ર ઋતુગત સમસ્યા છે ? જો તે ઋતુગત સમસ્યા છે, તો ચીન તેને કાયમી ધોરણે રોકવા માટે કયા પગલાં લઈ રહ્યું છે ? ઉત્તર ચીનમાં બાળકોમાં જોવા મળતો આ ઈન્ફ્લ્યુએન્ઝા ન્યુમોનિયાનું કારણ બની રહ્યો છે. વિશ્વના દેશો અપેક્ષા રાખે છે કે, ચીન આ વખતે કોઈ ગંભીર માહિતી છૂપાવે નહીં અને પોતાના સ્તરે ચેપ અટકાવશે. જો આ ઈન્ફ્લ્યુએન્ઝા ચીનમાં ફેલાય છે તોદેખીતી રીતે તેની લોકો ઉપર પણ અસર થશે. ચીન પોતાની જાતને એક મહાસત્તા તરીકે રજૂ કરે છે, પરંતુ જો તે તમામ કડક પગલાં છતાં ચેપી રોગો સામે લડવામાં નિષ્ફળ જશે તો તે વિશ્વના એવા દેશોને ખરાબ સંદેશ આપશે જેમને ચીન પાસેથી વધુ અપેક્ષાઓ છે.

આ એક ગંભીર બાબત છે, ચીનમાં જ રહસ્યમય રોગો કેમ વધુ ફેલાય છે ? જો ચીનમાં શ્વસન ચેપનું જોખમ વધી ગયું છે, તો તેનું કારણ શોધવું જ જોઈએ. શ્વસન સંબંધી સમસ્યાઓ ઘણા દેશોમાં નહિવત્ છે, જ્યારે ચીનમાં શ્વસન સંબંધી રોગોના કેસ વધુ છે, તેથી ચીની અધિકારીઓ અને નેતાઓએ ગંભીર બનવું જોઈએ. જો ચીન ટીકાને સકારાત્મક રીતે લે તો તે તેના માટે પણ સારૂં છે. કોરોના સમયે તેનું અતડું વલણ ભૂતકાળમાં નોંધાયેલું છે. ચીને કોઈપણ પ્રકારના આરોપોને સંપૂર્ણપણે કઠોરતા સાથે ફગાવી દીધા હતા, પરંતુ હવે જો ત્યાંથી નવા વાયરસનો ફેલાવો અટકશે નહીં તો તે ચીનની કઠોરતા અને નિર્દયતા ગણાશે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ હવે વધુ જવાબદારી દાખવવી જોઈએ. ચીન પ્રત્યેના તેના ઉદાર વલણની અગાઉ પણ ટીકા થઈ ચૂકી છે. WHOની ટીમ ચીન ગઈ હતી, પરંતુ તે નક્કી થઈ શક્યું નથી કે વિશ્વમાં લગભગ ૭૦ લાખ લોકોનો ભોગ લેનાર કોરોના વાયરસ લેબોરેટરીમાંથી પેદા થયો હતો કે કોઈ પ્રાણી દ્વારા ફેલાયો હતો ?? જો કે, ત્યાંના ડોક્ટરો અને ચિકિત્સકોએ પણ ચીનમાં ફેલાતા રોગો ઉપર વધુ ખંતથી કામ કરવું પડશે. જો ખાવા-પીવાની આદતો કે જીવનશૈલીમાં કંઈક ગરબડ હોય તો તંદુરસ્ત વિશ્વ માટે તેને સુધારવાના પ્રયાસો કરવા જોઈએ. જ્યારે ચીન વિશ્વને વિવિધ પ્રકારના ખાદ્ય અને બિન-ખાદ્ય ઉત્પાદનો વેચે છે, ત્યારે આપણે વિચારવું પડશે કે આપણા નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ કેમ નબળી પડી રહી છે ? માત્ર ચીનમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આવા તમામ વ્યવસાયો અથવા “ફૂડ હેબિટ્સને” (ખાનપાનની આદતો) બંધ કરવી પડશે, જે સ્વાસ્થ્યને ખૂબ નુકસાન પહોંચાડે છે.

# ચીનમાં ફેલાઈ રહેલી નવી બીમારીને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ એક્શન મોડમા

ગાંધીનગર, તા.૩૦

ચીનમાં નવી ઊભી થયેલી બીમારી સંદર્ભે રાજ્યનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કર્યા છે. ગુજરાતના તમામ જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરના આરોગ્ય અધિકારી અને સિવિલ હોસ્પિટલના વડાઓને પત્ર લખીને તકેદારી રાખવા માટે સૂચનો કરવામાં આવ્યા છે. ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યૂમોનિયા SARS - CoV- 2 જેવા રોગોથી સાવચેત રહેવા સૂચના અપાઈ છે.ચીનમાં બાળકોમાં આ પ્રકારની શ્વસનની બીમારી જેવા રોગો જોવા મળી રહ્યા છે. આ નવા રોગે ચીનમાં હાહાકાર મચાવી દીધો છે. હોસ્પિટલમાં સ્ટાફ, બેડ, દવાઓ અને ટેસ્ટિંગની ઉપલબ્ધતા ચકાસી રિપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં રહેલા ઓક્સિજન પ્લાન્ટની ક્ષમતા અને કાર્યક્ષમ કરીને રિપોર્ટ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વેન્ટિલેટર, પિપિઈ કીટ અને એન્ટીવાયરલ દવાઓ પૂરતા પ્રમાણમાં રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી તૈયારી રાખવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. રાજ્ય સરકાર દ્વારા પત્ર લખી નીચે પ્રમાણે સૂચનો આપવામાં આવ્યા છે. - સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી - સંસ્થા ખાતેના PSA પ્લાન્ટ, લીકવીડ ઓકસીજન પ્લાન્ટ, O2 કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરી તાત્કાલિક કાર્યરત કરવા જણાવવામાં આવેલ છે. ઉપરાંત હોસ્પિટલ કક્ષાએ વેન્ટીલેટર, પી.પી.ઈ કીટ એન્ટીવાયરલ દાવાઓ વગેરે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા જણાવાયું છે.

# ગાઝા ૫૫૦૦થી વધુ બાળકોનું કબ્રસ્તાન બની ગયું છે

(એજન્સી) તા.૩૦

આ વર્ષે ૨૦મી નવેમ્બરે વિશ્વ બાળ દિવસ ગાઝા ઉપર ઈઝરાયેલના યુદ્ધ દરમ્યાન મનાવવામાં આવ્યો હતો, જેમાં અંદાજે ૫૫૦૦ બાળકો માર્યા ગયા છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી એજન્સીઓ આ દુર્ઘટના વિશે ચિંતિત છે, પરંતુ એવું લાગે છે કે૪ આંતરરાષ્ટ્રીય સમુદાય ઊંઘમાં છે અને આ સંદર્ભે કોઈ નક્કર પગલાં લેવાની તેઓને ચિંતા નથી. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા અને ઈસ્લામિક કાયદા બંનેના નિયમો સશસ્ત્ર સંઘર્ષમાં બાળકોને રક્ષણ આપે છે. આંતરરાષ્ટ્રીય અને ઈસ્લામિક કાયદા બંનેએ બિંદુથી શરૂ થાય છે કે, સશસ્ત્ર સંઘર્ષની અસરોથી રક્ષણ માટે બાળકોને સ્પષ્ટપણે અલગ પાડવા જોઈએ. અફઘાનિસ્તાન, સોમાલિયા, સીરિયા અને યમન જેવા સંઘર્ષો આ યુદ્ધોથી પ્રભાવિત બાળકોના જીવન ઉપર નુકસાનને ઘટાડવાની આવશ્યક જરૂરિયાત દર્શાવે છે. તદુપરાંત, ગાઝામાં સતત સંઘર્ષ એ યુદ્ધમાં બાળકોના રક્ષણ માટેનું બીજું રીમાઈન્ડર છે.

પેલેસ્ટીની અધિકારીના જણાવ્યા અનુસાર, ૭મી ઓકટોબરથી ગાઝામાં ૫૦ દિવસ જૂના યુદ્ધમાં ૫૫૦૦ બાળકોના જીવ ગયા છે. વધુમાં આ યુદ્ધ પછી વ્યાપક વપરાશમાં એક અન્ય સંક્ષિપ્ત શબ્દ સામે આવ્યો છે WCNSF-ઘાયલ બાળકનું જીવિત કુટુંબ. જે ટૂંકમાં ગાઝાના બાળકોની દુર્ઘટના અને વાસ્તવિકતાનું વર્ણન કરે છે. કાટમાળ હેઠળ વધારાના ૧૮૦૦ બાળકો ગુમ છે, જેમાંથી મોટાભાગના મૃત હોવાનું માનવામાં આવે છે. વધુ ૯૦૦૦ બાળકો ઘાયલ થયા છે, આમાંના ઘણા બાળકો બહુવિધ યુદ્ધોના આઘાતમાંથી પસાર થયા છે. સંઘર્ષ અને માનવતાવાદી નીતિના વડા અને સેવ ધ ચિલ્ડ્રન યુકેની હિમાયતના વડા જેમ્સ ડેન્સલોએ વેટિકન ન્યૂઝને જણાવ્યું હતું કે, બાળકો ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં સૌથી વધુ કિંમત ચૂકવી રહ્યા છે અને જેઓ બચી જશે તેઓ વર્ષો સુધી હિંસાના નિશાન સાથે રહેશે. ડેન્સલોએ કહ્યું કે, ત્યાં સમગ્ર બાળ વસ્તી યુદ્ધથી પ્રભાવિત છે અને તેઓ જેમ-જેમ મોટા થશે અને આગળ જશે તેમ આ સંઘર્ષના ડાઘ અને માનસિક અસરો તેમની સાથે રહેશે.

સેવ ધ ચિલ્ડ્રન નિષ્ણાંતે એ હકીકત ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો કે, આ સંઘર્ષ પહેલાં પણ એવો અંદાજ હતો કે ગાઝામાં પાંચમાંથી ચાર બાળકો પહેલેથી જ ડિપ્રેશનથી પીડિત છે. પેલેસ્ટીની અધિકારીના જણાવ્યા અનુસાર, ૭મી ઓકટોબરથી ગાઝામાં ૫૦ દિવસના યુદ્ધમાં ૫૫૦૦ બાળકોના જીવ ગયા છે. કાટમાળ હેઠળ વધારાના ૧૮૦૦ બાળકો ગુમ છે, જેમાંથી મોટાભાગના મૃત હોવાનું માનવામાં આવે છે. વધુમાં ૯૦૦૦ બાળકો ઘાયલ થયા છે, આમાંના ઘણા બાળકો બહુવિધ યુદ્ધોના આઘાતમાંથી પસાર થયા છે. સંઘર્ષ અને માનવતાવાદી નીતિના વડા જેમ્સ ડેન્સલો અને સેવ ધ ચિલ્ડ્રન યુકેની હિમાયત માટે વેટિકન ન્યૂઝને જણાવ્યું હતું કે, બાળકો ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં સૌથી વધુ કિંમત ચૂકવી રહ્યા છે અને જેઓ બચી જશે તેઓ વર્ષો સુધી હિંસાના નિશાન હેઠળ જીવન જીવશે. તે ગાઝામાં એક મિલિયનથી વધુ બાળકોની વસ્તી ઉપર અસરનું વર્ણન કરે છે. ડેન્સલોએ કહ્યું કે, ત્યાં સમગ્ર બાળ વસ્તી યુદ્ધથી પ્રભાવિત છે અને તેઓ જેમ-જેમ આગળ જશે તેમ આ સંઘર્ષની માનસિક અસરો રહેશે. સેવ ધ ચિલ્ડ્રન નિષ્ણાતે એ હકીકત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે આ સંઘર્ષ પહેલાં પણ એવો અંદાજ હતો કે ગાઝામાં પાંચમાંથી ચાર બાળકો પહેલેથી જ ડિપ્રેશનમાં છે. ઈઝરાયેલ દ્વારા લાદવામાં આવેલા ૧૬ વર્ષથી વધુ પીડાદાયક નાકાબંધી દરમિયાન, ગાઝાના બાળકો દળોની અમાનવીયતા, અપમાન અને વંચિતતા સહન કરી રહ્યા છે, જેના પરિણામે ભરપાઈ ન થઈ શકે તેવો માનસિક આઘાત, હતાશા આવી છે. આ અહેવાલ મુજબ, ઈઝરાયલે વેસ્ટ બેંક સહિત અન્ય કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશો સાથે ગાઝા ઉપરના તેના તાજેતરના હુમલા કર્યા છે. તેણે હોસ્પિટલોમાં ઓક્સિજન ઉપર રહેલા પ્રીમેચ્યોર બાળકોને પણ છોડ્યા ન હતા.

૧૯૪૬માં બાંધવામાં આવેલી સૌથી મોટી અને સૌથી જૂની અને ગાઝામાં તબીબી રીતે અદ્યતન આરોગ્યસંભાળ સુવિધા, અલ-શિફા હોસ્પિટલની ઘેરાબંધીથી ઈઝરાયેલે એ સ્ટેશનનો નાશ કર્યો છે, જે ઈન્ક્યુબેટરને ઓક્સિજન પૂરો પાડતો હતો. ગાઝાના બાળકો પ્રત્યે ઈઝરાયેલની ઉદાસીનતા આશ્ચર્યજનક નથી, કારણ કે, તેની સરકાર અને ખાસ કરીને વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ ખૂબ જ ખુલ્લેઆમ




પેલેસ્ટીનીઓને ‘અંધકારના બાળકો’ કહે છે, તે ધાર્મિક ગ્રંથોનું ખોટું અર્થઘટન કરે છે. ઈમેન્યુઅલ મેક્રોન અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ઈઝરાયેલને ગાઝામાં બાળકો, બાળકો અને મહિલાઓની હત્યા રોકવા માટે હાકલ કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યૂએચઓ) અનુસાર, ગાઝામાં દર ૧૦ મિનિટે એક બાળકનું મૃત્યુ થાય છે અને ઓછામાં ઓછા બે ઘાયલ થાય છે. ગાઝાની લગભગ ૨.૨ મિલિયનની વસ્તીમાંથી લગભગ અડધી વસ્તી બાળકોની છે. યુદ્ધની વચ્ચે ગાઝામાં શિક્ષણ મંત્રાલયને ૬,૨૫,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ૨૦૨૩-૨૪ શાળા વર્ષ સ્થગિત કરવાની ફરજ પડી છે. પરંતુ એવા દેશમાં જ્યાં બાળકોને તેમના જીવન, ખોરાક, તબીબી સંભાળ અને સુરક્ષાના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવે છે, તેમનું શિક્ષણ ગુમાવવું આશ્ચર્યજનક નથી. આમાંના ઘણા બાળકો પહેલેથી જ વિસ્થાપિત થઈ ગયા છે અથવા શાળાઓ ફરી ખુલશે ત્યાં સુધીમાં મૃત્યુ પામ્યા હશે. યુએસ પ્રમુખ જો બાઈડેન ૪૦ ઈઝરાયેલી બાળકોના શિરચ્છેદના કાલ્પનિક કેસનો ઉલ્લેખ કરતા રહે છે, ત્યારે તેમણે ‘સ્વ-રક્ષણ’ના નામે દરરોજ ઈઝરાયેલી કબજાના દળો દ્વારા હત્યા કરવામાં આવતા ગાઝાના બાળકોને બચાવવા માટે વ્યવહારીક રીતે કંઈ કર્યું નથી. વિશ્વ બાળ દિવસના અવસર ઉપર ઈરાનના ટોચના માનવાધિકાર અધિકારીએ ગાઝામાં બાળકોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહેવા બદલ સરકારો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો ઉપર પ્રહારો કર્યા હતા.

બાળકો સામે વધતા જતા ઉલ્લંઘનોને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય અધિકારોના હિમાયતીઓએ તાજેતરમાં યુએન સેક્રેટરીજનરલ એન્ટોનિયો ગુટેરેસને ઈઝરાયલી દળો, અલ-કાસમ બ્રિગેડ અને ઈસ્લામિક જેહાદને તેની ‘ભયજનક સૂચિ’માં તાત્કાલિક ઉમેરવા માટે હાકલ કરી હતી. ૬ઠ્ઠી નવેમ્બરે ગુટેરેસે કહ્યું હતું કે, ‘ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે.’ દરમ્યાન, યુનિસેફના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કેથરિન રસેલને ગયા અઠવાડિયે ગાઝાની તેમની મુલાકાત દરમ્યાન સ્થાનિક યુએન સ્ટાફે ખાનગી મીટિંગ દરમ્યાન એજન્સીના નેતૃત્વની નિંદા કરી હતી. વાસ્તવમાં આપણે અનુમાન કરી શકીએ છીએ કે, ગાઝામાં બાળકોની એક પેઢી ઉછરી રહી છે જેઓ કુટુંબ વિના, પ્રેમ વિના, અંગો વિના, ખોરાક વિના, શિક્ષણ વિના, મૂળભૂત માનવ અધિકારો વિના, વ્યવસ્થામાં જીવે છે અને યુદ્ધના આઘાતથી પીડાય છે. આ પૃષ્ઠભૂમિમાં વિશ્વએ મૂકપ્રેક્ષક બનીને ઈઝરાયેલને નિર્દોષ બાળકો ઉપરના અત્યાચારો અને ગાઝાના પેલેસ્ટીનના ભાવિને જોવું જોઈએ. આપણે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સંગઠનોને વિનંતી કરવી જોઈએ અને યુએનના નેતૃત્વ સાથે અને આંતરરાષ્ટ્રીય સમુદાયને પેલેસ્ટીનમાં આ નરસંહાર તરત જ બંધ કરાવવા માટે વાસ્તવિક આહ્‌વાન કરવું જોઈએ.

# સોમનાથ ગિરનાર પરિક્રમા દરમ્યાન સોમનાથ તથા વેરાવળ એસટી તંત્ર ખડે પગે રહયું



વેરાવળ તા.૩૦

સુપ્રસિધ્ધ સોમનાથ કાર્તિકીય પુર્ણિમા મેળો અને ગિરનારની લીલી પરિક્રમા અનુસંધાને સોમનાથ-વેરાવળ એસટી ડેપો તરફથી એકસ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું જેના સફળ સંચાલનથી ૧૮,૮૧,૭૧૩ રૂપિયાની આવક ગિરનાર પરિક્રમા યાત્રિકોની સોમનાથ-ગિરનારને એકસ્ટ્રા ૧૦૯ બસોથી થઈ જેમાં ૪૩૩ ટ્રીપો દોડી અને ૪૦,૭૨૪ કિલોમીટર સફર સાથે ૧૮૬૦૭ મુસાફરોએ સસ્તી, સલામતી અને વિવેક સાથેની એસટી બસમાં યાત્રા કરી હતી.

વેરાવળ એસટી ડેપો મેનેજર દિલીપ શામળા, મદદનીશ દયારામ બાપુ મેસવાણીયા, ડેપોના ડ્રાઈવરો, કંડકટરો, ટ્રાફીક સુપરવાઈઝરો, મિકેનીક સુપરવાઈઝરો, મિકેનીક સ્ટાફ સર્વેના ટીમ વર્કને કારણે સફળતા મળતા ડેપો મેનેજર દિલીપભાઈ શામળાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા. તંત્ર તરફથી અપાયેલ લક્ષ્યાંક ૧૨,૭૦,૧૧૦ ની સામે ૧૮,૮૧,૭૧૩ રૂપિયા મેળવ્યા હતા. આમ લક્ષ્યાંક કરતા રૂા.૬,૧૧,૬૧૩ ની વધારે આવક મેળવી હતી.

ગત વર્ષે રૂા.૯,૪૦,૧૨૨ ની સામે રૂા.૧૮,૮૧,૭૧૩ મેળવી ગત વર્ષ કરતા ૯,૪૧,૫૯૧ રૂપિયાની આ વર્ષે એસટી તંત્રએ કમાણી કરી હતી. જયારે સોમનાથ કાર્તિક પુર્ણિમાના ચાર દિવસના મેળામાં વેરાવળથી સોમનાથ એસટી ડેપો સુધી ૨૮ ટ્રીપ સાથેની ૪૩૪ કિલોમીટર સફર સાથેની એકસ્ટ્રા બસો દોડાવાઈ હતી જેનો ૫૧૫ મુસાફર, યાત્રિકોએ લાભ લઈ રૂા.૧૧,૩૮૮ ની આવક એસટીને થઈ અને વિશેષ તો મેળામાં આવતા -જતા લોકોની સગવડતા, સલામતી સાથે તંત્ર યાત્રિકો, પ્રવાસીઓ માટે ખડેપગે રહયું હતું.

## પારસધામ ગિરનાર ખાતે આગામી રવિવારે નિઃશુલ્ક નિદાન કેમ્પ

જૂનાગઢ તા. ૩૦

રાષ્ટ્રીય સંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી વિવિધ રોગના નિષ્ણાંત અનુભવી ડોકટરોના સહયોગથી પારસધામ ગિરનારના પાવન આંગણે રૂપાયતન રોડ, ભવનાથ ખાતે તા.૩-૧૨-૨૩ ને રવિવારે સવારે ૯ વાગ્યાથી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. મર્યાદિત સંખ્યામાં દર્દીઓ લેવાના હોય અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી દેવું. રજીસ્ટ્રેશન માટે પારસધામ ગિરનાર, રૂપાયતન રોડ, જૂનાગઢ શ્રી સ્નેહલબેન મો.૯૮૩૭૩ ૫૮૮૮૪ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# સોમનાથ આવી રહયા છે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમીત શાહ

## સોમનાથ મહાદેવને ધ્વજારોહણ-સોમેશ્વર પૂજા સહિતના કાર્યક્રમો

વેરાવળ તા. ૩૦

કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમીત શાહ તા.૧ ડીસેમ્બરે સોમનાથ દર્શનાર્થે આવી રહયા છે. તેઓ ઝારખંડથી સીધા દીવ હવાઈ માર્ગે તા.૧-૧૨-૨૩ ના રોજ સાંજે ૧૭.૨૦ કલાકે આવશે અને ૧૭.૪૦ કલાકે સોમનાથ હેલીપેડ ખાતે પહોંચશે. અને ૧૭.૪૫ કલાકે સોમનાથ સર્કીટ હાઉસ નાઈટહોલ્ટ શકય હશે તો સંધ્યા દર્શન અને બીજે દિવસે તા.૨-૧૨-૨૩ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સોમનાથ મંદિરે ધ્વજારોહણ, સોમેશ્વર પૂજા, ગંગાજળ અભિષેક, સોમનાથ દર્શન કરી હેલીકોપ્ટર દ્વારા જૂનાગઢ જવા રવાના થશે. આ અંગે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર તડામાર તૈયારીઓ કરી રહયું છે.

# પાકિસ્તાની કલાકારોને ભારતમાં પ્રતિબંધ લગાવવાની માંગ પર SCની ફટકાર

નવીદિલ્લી, તા. ૩૦

સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી કે પાકિસ્તાની કલાકારોને ભારતમાં કલા પ્રદર્શન કે કામ કરવાની મંજુરી ન આપવી જોઈએ. જેમાં કલાકારો પર પૂર્ણ રીતે પ્રતિબંધ લગાવવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવીને ફટકાર પણ લગાવી હતી. જેમાં કોર્ટે અરજદારને કહ્યું કે આવી સંકુચિત માનસિકતા ન રાખવી જોઈએ. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસવીએન ભાટીની બેન્ચે ફૈઝ અનવર કુરેશી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. બેંચે કહ્યું કે તે બોમ્બે હાઈકોર્ટના આદેશમાં દખલ કરવા માંગતી નથી. મળતી



માહિતી મુજબ, ફૈઝ અનવર કુરેશી સિને એક્ટિવિસ્ટ અને કલાકાર હોવાનો દાવો કરે છે. કોર્ટે કુરેશીને કહ્યું કે તમે વારંવાર આ અપીલનો આગ્રહ ન રાખો. તમારે આવી સંકુચિત માનસિકતા ન હોવી જોઈએ. આ પહેલા બોમ્બે હાઈકોર્ટ દ્વારા પણ પાકિસ્તાની કલાકારોને પ્રતિબંધિત કરવાની માંગને ફગાવી દેવામાં આવી હતી. સંકુચિત માનસિકતા ન હોવી જોઈએઃકોર્ટે મળતી માહિતી મુજબ, ફૈઝ અનવર કુરેશી સિને એક્ટિવિસ્ટ અને કલાકાર હોવાનો દાવો કરે છે કોર્ટે કુરેશીને કહ્યું કે તમે વારંવાર આ અપીલનો આગ્રહ ન રાખો આ ઉપરાંત કોર્ટે દેશભક્તિ બાબતે પણ મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે દેશભક્ત હોવાનો મતલબ એ નથી કે કોઈ વિદેશીને કે પાડોશી દેશમાંથી આવતા લોકો કે કલાકરો સાથે શત્રુતાપૂર્ણ વ્યવહાર કરવો. અરજીમાં કેન્દ્ર સરકારને કોઈ પણ પાકિસ્તાની કલાકાર, ભારતીય નાગરિકને નોકરી પર રાખવા, કામ ઓફર કરવા, તેમની કોઈપણ સેવાઓનો લાભ લેવા અથવા કોઈપણ એસોસિએશનમાં પ્રવેશ કરવાથી રોકવા માટે નિર્દેશ વગેરે પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જેમના પર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે તેમાં સિનેમા કર્મી, ગાયક, સંગીતકાર, ગીતકાર અને ટેકનિશિયનનો સમાવેશ થાય છે.

# ડિપ્રેશનને હાર્ટએટેકનું કારણ જણાવીને વીમા કંપની ક્લેઈમ ફગાવી ન શકે

નડિયાદ, તા.૩૦

કોઈ પણ વ્યક્તિ જ્યારે વીમા પોલિસી ખરીદે ત્યારે તે એવું ધારે છે કે ન કરે નારાયણને ક્યારેક ક્લેમ કરવાનો વારો આવે ત્યારે તેના પરિવારને નાણાકીય વળતર મળી રહેશે. પરંતુ કેટલીક વાતોનું ધ્યાન રાખવામાં ન આવે તો મુશ્કેલી પડે છે અને ક્લેમના રૂપિયા સરળતાથી મળતા નથી. નડિયાદના એક વીમાધારક સાથે પણ આવું જ બન્યું છે. અનિલ પટેલ નામની એક વ્યક્તિએ એલઆઈસીની ૯ વીમા પોલિસી ખરીદી હતી, પરંતુ પોલિસી ખરીદ્યાના બે વર્ષ બાદ તેમનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું.એલઆઈસીએ આ કેસમાં ડિપ્રેશનનું કારણ આપીને ક્લેમ નામંજૂર કર્યો હતો. એલઆઈસીનું કહેવું હતું કે ડિપ્રેશનના કારણે અનિલ પટેલને હાર્ટ એટેક આવ્યો હતો અને તેમણે ડિપ્રેશનની માહિતી છુપાવી હતી. જોકે, ગ્રાહક પંચે વીમાધારકની તરફેણમાં ચુકાદો આપ્યો છે અને તમામ પોલિસીનો ક્લેમ મંજૂર કરવા કહ્યું છે.નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશને વીમાધારકના પરિવારને તમામ નવ પોલિસીના ક્લેમ મંજૂર કરવા માટે એલઆઈસીને આદેશ આપ્યો છે. ગ્રાહક પંચના ચુકાદામાં જણાવાયું કે ડિપ્રેશનનું ડિસ્કલોઝર અપાયું ન હોય તેના કારણે હાર્ટ એટેકનો વીમો રિજેક્ટ કરી ન શકાય. રાષ્ટ્રીય ગ્રાહક પંચે એવું પણ કહ્યું કે ડિપ્રેશન અને હાર્ટ એટેક વચ્ચે સીધો સંબંધ હોવાનું પૂરવાર નથી થયું.નડિયાદના અનિલ પટેલે LICની ૯ વીમા પોલિસીઓ ખરીદી હતી અને બે વર્ષ પછી તેમનું મૃત્યુ થયું ત્યારે તેમના પરિવારે વીમા માટે ક્લેમ કર્યો હતો. વીમા કંપનીએ ક્લેમ રિજેક્ટ કરતા કહ્યું કે વીમા પોલિસીઓ ખરીદવામાં આવી ત્યારે અનિલ પટેલે તેમને ડિપ્રેશન છે તે વાત જાહેર નહોતી કરી.ક્લેમ નામંજૂર થવાના કારણે પરિવારજનો ખેડાના કન્ઝ્યુમર ફોરમમાં ગયા જેણે અનિલ પટેલના પરિવારજનોની ફેવરમાં ચુકાદો આપ્યો. આ ચુકાદો મંજૂર ન હોવાથી LIC ગુજરાત સ્ટેટ ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશનમાં ગઈ. તેમાં પણ LICની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો હતો.છેવટે LICએ નેશનલ કન્ઝ્યુમર કમિશનમાં ગઈ. તેની દલીલ હતી કે ઈરડાના નિયમોને આધિન રહીને તેણે ક્લેમ રિજેક્ટ કર્યો છે. LICનું કહેવું હતું કે મૃતકે જ્યારે વીમા પોલિસી ખરીદી ત્યારે તેને પહેલેથી ડિપ્રેશનની તકલીફ હતી અને આ વાત તેણે છુપાવી હતી.

# લગ્ન બાદ પત્ની પણ ન માંગી શકે આધારની માહિતીઃ કર્ણાટક હાઈકોર્ટ

## પત્ની લગ્ન સંબંધોના આધારે પતિના આધારની માહિતી એકતરફી માંગી શકે નહીં

નવી દિલ્હી, તા.૩૦

પત્ની પતિના આધારકાર્ડની માહિતી માંગી શકે છે કે નહીં ? પત્નીને આધારકાર્ડની માહિતી એકતરફી મેળવવાનો અધિકાર છે કે નહીં ? આ મામલે હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટે આજે એક મહિલાની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં મહિલાએ જુદા રહેતા પતિનો આધાર નંબર, એનરોલમેન્ટ વિગતો અને ફોન નંબર માગ્યો હતો. મહિલાની દલીલ હતી કે, તેની પાસે પતિની વિગતો ન હોવાથી ફેમિલી કોર્ટના ભરણ-પોષણનો આદેશ લાગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે આ મામલે કોર્ટે મહિલાને ફટકાર લગાવી છે. મહિલાની અરજી પર હાઈકોર્ટે નિર્ણય સંભાળવતા કહ્યું કે, પત્ની માત્ર લગ્ન સંબંધોના આધારે પોતાના પતિના આધાર ડેટાની માહિતી એકતરફી માંગી શકે નહીં. મહિલાની અરજી પર હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય ઉપરાંત આ બાબત કાયદાના બંધારણીય માળખાની ગોપનીયતાના અધિકારોની સ્વાયત્તતા અને સુરક્ષા પર ભાર મુકે છે. એટલું જ નહીં, કોર્ટે સ્પષ્ટ જણાવ્યું કે, લગ્નથી પતિની ગોપનિયતાના અધિકારો ઓછા થઈ જતા નથી. ન્યાયાધીશ એસ.સુનીલ દત્ત યાદવ અને ન્યાયાધીશ વિજયકુમાર એ.પાટિલની બેંચે કહ્યું કે, લગ્ન કરવાથી આધારકાર્ડ ધરાવનાર વ્યક્તિની ગોપનિયતાનો અધિકાર ઓછો થઈ જતો નથી અને નિર્ધારિત કરેલી પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ. દરમિયાન એક મહિલાના ૨૦૦૫માં લગ્ન થયા હતા. દંપત્તિને એક પુત્રી પણ છે.



બંને વચ્ચે સંબંધો બગડ્યા બાદ મહિલાએ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં ફેમિલી કોર્ટે ભરણ-પોષણ પેટે ૧૦,૦૦૦ રૂપિયા અને પુત્રીના ખર્ચ પેટે ૫૦૦૦ રૂપિયા આપવાનો પતિને આદેશ આપ્યો હતો. જોકે ત્યારબાદ પતિના સરનામાની જાણ ન હોવાના કારણે મહિલાના પરિવારને વળતર મેળવવામાં મુશ્કેલી પડી રહી હતી, જેના કારણે મહિલાએ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) અરજી કરી પતિની વિગતો માંગી હતી, જેને ૨૫ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ રદ કરી દેવાઈ હતી. અહીં પણ મહિલાની સમસ્યાનો નિવેડો ન આવતા છેવટે મહિલાએ હાઈકોર્ટનો દ્વાર ખટખટાવ્યો હતો, ત્યારબાદ હાઈકોર્ટે ઉપરોક્ત નિર્ણય સંભળાવવાની સાથે UIDAIને આદેશ આપ્યો છે કે, તેઓ મહિલના પતિને નોટિસ પાઠવે. ઉપરાંત કોર્ટે મહિલાની અરજી પર વિચાર કરવા પણ આદેશ આપ્યો છે.

# અમેરિકામાં હાઈવે પર જતી કારને વિમાને પાછળથી મારી ટક્કર



નવી દિલ્હી, તા. ૩૦

ગત મંગળવારે (૨૮ નવેમ્બર ૨૦૨૩) યુએસએના મિનેપોલિસ શહેરમાં હાઈવે પર એક પ્લેન ક્રેશ થયું. આ દરમિયાન તેણે પાછળથી એક કારને ટક્કર મારી હતી જેના કારણે ડ્રાઈવર અને પાઈલટ બંને ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મિનેસોટાના બ્રુકલિન પાર્કમાં સવારે ૧૦.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. માહિતી આપતાં, પોલીસ દુર્ઘટના બાદ ઘટનાસ્થળે પહોંચી અને કહ્યું, કોઈને ગંભીર ઈજા થઈ નથી. દરેકને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પ્લેન ક્રેશ થયા બાદ પોલીસે વધુમાં જણાવ્યું કે, 'આ પ્લેન નજીકના એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અચાનક તેની શકિત ગુમાવી દીધી, તેથી તેણે રેડિયો પર ઈમરજન્સીની જાહેરાત કરી અને પ્લેનને મુખ્ય હાઈવે પર લેન્ડ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ તે સમયે ઉતરતા, એક કાર આવી અને તે તેની સાથે અથડાઈ. સમગ્ર અકસ્માતની વાર્તા જણાવતી વખતે, બ્રુકલિન ફાયર વિભાગે પાઈલટની પ્રશંસા કરી.બ્રુકલિન પાર્કમાં સવારે ૧૦.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતોપ્લેન ક્રેશ થયા બાદ પોલીસે વધુમાં જણાવ્યું કે, આ પ્લેન નજીકના એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અચાનક તેની શક્તિ ગુમાવી દીધી તેણે કહ્યું કે જ્યારે તમે પ્લેન પરનો સંપૂર્ણ નિયંત્રણ ગુમાવી દીધો હોય અને તમે ઝડપથી પડી રહ્યા હોવ ત્યારે આવી સ્થિતિમાં પ્લેનને હાઈવે પર લેન્ડ કરવું પોતાનામાં એક મોટો પડકાર છે. પરંતુ પાયલોટે પોતાની બુદ્ધિમત્તાથી પ્લેનને લેન્ડ કરાવ્યું અને માત્ર એક જ કારને અસર થઈ. તેમણે કહ્યું કે, જ્યારે હાઈવે પર આટલા બધા વાહનો જતા હોય અને તે દરમિયાન તમે બધાને બચાવો અને માત્ર એક જ વાહનને નાની દુર્ઘટના સર્જી, ત્યારે હું પાઈલટ તરીકે તેમની કુશળતાના વખાણ કરું છું. તેમણે કહ્યું કે, પ્લેનને મુખ્ય હાઈવે પરથી હટાવીને સાઈડમાં મુકવામાં આવ્યું છે જેથી રસ્તા પરના ટ્રાફિકને કોઈ નુકસાન ન થાય. પોલીસે જણાવ્યું કે પાયલોટને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. દરમિયાન કાર ચાલકને હોસ્પિટલ લઈ જવાયો હતો. તમને જણાવી દઈએ કે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ હવે આ ઘટનાની તપાસ કરી રહ્યા છે.

# ભારતમાં યુએસ એમ્બેસીએ રેકોર્ડ તોડ્યો

## યુએસ એમ્બેસીએ ભારતમાં એક વર્ષમાં ૧ લાખ ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને વિઝા આપ્યા

નવીદિલ્હી,તા. ૩૦

ભારતમાં યુએસ એમ્બેસી અને તેના કોન્સ્યુલેટ્સે ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે ૧૪૦,૦૦૦થી વધુ વિદ્યાર્થી વિઝાનો ઓલ-ટાઈમ રેકોર્ડ જાહેર કર્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે મંગળવારે જાહેરાત કરી હતી કે ભારતમાં અમારી એમ્બેસી અને કોન્સ્યુલેટ્સે ૧ લાખ ૪૦ હજારથી વધુ વિદ્યાર્થી વિઝાનો ઓલ-ટાઈમ રેકોર્ડ જાહેર કર્યો છે. અમેરિકી સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ (૨૦૨૩ ફેડરલ નાણાકીય વર્ષ), સ્ટેટ ડિપાર્ટમેન્ટે વૈશ્વિક સ્તરે ૧૦ મિલિયનથી વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝાના નજીકના રેકોર્ડ સ્તર જાહેર કર્યા છે. અમેરિકી દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સમાંથી અડધાએ પહેલા કરતાં વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા મંજૂર કર્યા છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, યુએસ એમ્બેસીએ બિઝનેસ અને પર્યટન માટે લગભગ ૮૦ લાખ વિઝિટર વિઝા જાહેર કર્યા છે, જે ૨૦૧૫ પછીના કોઈપણ નાણાકીય વર્ષ કરતાં વધુ છે.. વધુમાં, યુએસ એમ્બેસીઓ અને કોન્સ્યુલેટોએ ૭ લાખથી વધુ વિદ્યાર્થી વિઝા જાહેર કર્યા છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૭ પછીના કોઈપણ વર્ષમાં સૌથી વધુ છે. નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે આ સિદ્ધિઓ નવીન ઉકેલોને કારણે શક્ય બની છે, જેમ કે ઈન્ટરવ્યુ માફીના અધિકૃતતાના વિસ્તરણ, જે વારંવાર પ્રવાસીઓને દૂતાવાસ અથવા કોન્સ્યુલેટની મુલાકાત લીધા વિના તેમના વિઝા મેળવવાની મંજૂરી આપે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યને જોતા, અમે કામગીરીને સુવ્યવસ્થિત કરવાની તકોનું મૂલ્યાંકન કરવા માટે નવી તકનીકોની શોધ કરી રહ્યા છીએ, જેમ કે પસંદગીની વિઝા શ્રેણીઓમાં સ્થાનિક નવીકરણનો વિકલ્પ. ગયા મહિને, ભારતમાં યુએસ મિશન ૨૦૨૩માં ૧ મિલિયન નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરવાના લક્ષ્ય સુધી પહોંચ્યું અને વટાવી ગયું છે.. ભારતમાં યુએસ એમ્બેસી અને કોન્સ્યુલેટ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે ૧.૨ મિલિયનથી વધુ ભારતીયોએ યુએસની મુલાકાત લીધી હતી, જે તેને વિશ્વની સૌથી મજબૂત મુસાફરી લિંક્સમાંની એક બનાવે છે. નિવેદનમાં જણાવાયું છે કે હવે ભારતીયો વિશ્વભરના તમામ વિઝા અરજદારોમાં ૧૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જેમાં તમામ વિદ્યાર્થી વિઝા અરજદારોના ૨૦ ટકા અને તમામ એચએન્ડએલ-કેટેગરી (રોજગાર) વિઝા અરજદારોના ૬૫ ટકાનો સમાવેશ થાય છે. અમેરિકા આ ??વધારાને આવકારે છે.આ દરમિયાન, આ મહિનાની શરૂઆતમાં, ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટીએ ભારતીયો માં યુએસ વિઝિટર વિઝાની અભૂતપૂર્વ માંગ પર નજર રાખવા માટે રાષ્ટ્રીય રાજધાની માં યુએસ મિશનની મુલાકાત લીધી હતી. યુએસ એમ્બેસીએ જણાવ્યું હતું કે ગારસેટ્ટી 'સુપર શનિવાર' પર વધારાના વિઝા અરજદારોને મદદ કરવા માટે વિશેષ અતિથિ હતા.

## સિંગતેલમાં ડબ્બાએ રૂા.૫૦નો વધારો થયો

અમદાવાદ, તા. ૩૦

દિવાળી બાદ સીંગતેલના ભાવમાં થોડા ઘટાડા બાદ હવે અચાનક ફરી એકવાર ભાવ વધ્યા છે. વિગતો મુજબ રાજ્યમાં મગફળીનો પાક તૈયાર થવાની વચ્ચે સરકારે આશરે ૪૦ લાખ ટન પાકનો અંદાજ જાહેર કર્યો છે. આ તરફ હવે માવઠાના બહાના હેઠળ સૌરાષ્ટ્રની તેલ લોબીએ ફરી એકવાર એક જ દિવસમાં સીંગતેલના ભાવમાં ૧૫ કિલો ડબ્બાએ રૂા.૫૦ નો વધારો ઝીંકી દેતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ શકે છે. રાજ્યમાં દિવાળીના તહેવારો બાદ બજારમાં મગફળીની ધૂમ આવક સાથે અતિશય ઊંચા ભાવમાં આંશિક ઘટાડો થયા બાદ ૨૦ તારીખે સીંગતેલ રૂ.૨૬૩૫-૨૬૮૫ની નીચી સપાટીએ પહોંચ્યું હતું. જોકે મંગળવારથી શરૂ કરી ૨૬ તારીખ સુધીમાં મહત્તમ રૂ. ૨૭૩૫ સુધી ભાવ પહોંચ્યા હતા. આ તરફ એક જ દિવસમાં રૂા.૫૦ના વધારા સાથે હવે સીંગતેલનો ભાવ રૂા.૨૭૩૫-૨૭૮૫ પહોંચ્યો છે. આ તરફ અચાનક સિંગતેલના ભાવમાં ઉછાળો આવતા ગૃહિણીઓ ચિંતામાં મુકાઈ છે.

# જાપાનના ટોક્યોમાં ઉદ્યોગ-રોકાણકારો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રોડ-શો






**જાપાનના અનુભવ અને ક્ષમતા સાથે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા અને જાપાનની ટેકનોલોજી સાથે ગુજરાતના યુથ ટેલેન્ટના સમન્વયથી જાપાન-ભારત-ગુજરાત સંબંધોને નવી ઊંચાઈ મળશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

ટોકયો તા.૩૦

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસના ચોથા દિવસે ટોક્યોમાં જાપાનના અગ્રણી ઉદ્યોગ રોકાણકારો, બિઝનેસ પ્રોફેશનલ્સ સાથે રોડ-શો યોજ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાઇ રહેલી ૧૦મી એડિશનમાં જાપાનના ઉદ્યોગ-રોકાણકારોની સહભાગીતા પ્રેરિત કરવા મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાતનું હાઈલેવલ ડેલીગેશન જાપાન-સિંગાપોરના સાપ્તાહિક પ્રવાસે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં જાપાનના ૨૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગ રોકાણકારો-બિઝનેસ પ્રોફેશનલ્સ સમક્ષ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ સાથે ભારતના વિકાસ રોલ મોડેલ રાજ્ય તરીકેની વિકાસ ગાથાની પ્રભાવક પ્રસ્તુતિ આ રોડ-શો માં કરી હતી.

તેમણે જણાવ્યું કે, જાપાન સમગ્ર વિશ્વમાં આધુનિક ટેકનોલોજી અને પ્રાચીનતમ સંસ્કૃતિ માટે મશહૂર છે. આ પ્રતિષ્ઠા સ્થાપિત કરવામાં ઉદ્યોગકારોનો સહયોગ મહત્વપૂર્ણ છે. ભારત અને જાપાન બેય દેશો માનવતા અને આધુનિકતાના સિદ્ધાંતમાં માને છે. એટલું જ નહીં, ગુજરાતે તો વિકાસના રોલ મોડલ અને પોલીસી ડ્રિવન સ્ટેટનું ગૌરવ મેળવ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, જાપાનના અનુભવ અને ક્ષમતા સાથે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા અને જાપાનની ટેકનોલોજી સાથે ગુજરાતના યુથ ટેલેન્ટના સમન્વયથી જાપાન-ભારત-ગુજરાત સંબંધોને વડાપ્રધાનના માર્ગદર્શનમાં નવી ઊંચાઈ મળશે.ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે જી૨૦ ની સફળ પ્રેસિડેન્સીથી ક્લાયમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા સામે ગ્રીનર સસ્ટેઈનેબલ ફ્યુચરનો રોડ મેપ આપ્યો છે. ૨૦૭૦ સુધીમાં કાર્બન મુક્ત નેટ ઝિરો ઈકોનોમી હાંસલ કરવાના વડાપ્રધાનના લક્ષ્યમાં ગુજરાતને ગ્રીન ગ્રોથની પ્રાથમિકતાથી અગ્રેસર રાખવાની નેમ પણ મુખ્યમંત્રીએ દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનની વિઝનરી લીડરશીપમાં લેવાયેલા ઈનિશ્યેટીવ્ઝને કારણે ભારત આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી રહ્યું છે અને વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. મુખ્યમંત્રીએ આત્મનિર્ભર, વિકસિત ભારત માટે આત્મનિર્ભર ગુજરાતની સંકલ્પના સાથે ગુજરાતે સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, ઈ-મોબિલીટી, રીન્યુએબલ એનર્જી તથા ગ્લોબલ ફાઈનાન્સિયલ એક્ટિવિટીઝ જેવા ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટના સેક્ટર્સ પર વિશેષ ઝોક આપ્યો છે તેની વિશદ ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, 'ગેટ વે ટુ ધ ફ્યુચર'ની થીમ સાથે આગામી વાઈબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાત આ નવા ઉભરતા ક્ષેત્રમાં લીડ લેવા સજ્જ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પોલીસી ડ્રીવન સ્ટેટ, પ્રો-એક્ટીવ અપ્રોચ, પ્રોત્સાહક અભિગમ વાળા રાજ્ય તરીકેની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરતા જાપાનીઝ ઉદ્યોગ રોકાણકારોને વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪માં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવામાં વાઈબ્રન્ટ સમિટ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે અને જાપાનના ઉદ્યોગ રોકાણકારોની સહભાગીતા પણ તેમાં જોડાશે.

જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JETRO) ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ કાઝુયા નાકાજો અને ત્નઈ્ઈ ના ડાયરેક્ટર જનરલ તાકેહિકો ફુરુકાવાએ ગુજરાતે સાધેલા નોંધપાત્ર વિકાસની તેમજ ભારતમાં ગુજરાતે ઊભા કરેલા સ્થાનની સરાહના કરી હતી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી માર્ગદર્શનની પ્રશંસા કરીને વૈશ્વિક બિઝનેસ ઈકોસિસ્ટમમાં ગુજરાતની અભિન્ન ભૂમિકાને હાઈલાઈટ કરી હતી. ફુરુકાવાઓ જણાવ્યું કે ગુજરાત રાજ્યના આ વિકાસનું કારણ ડબલ એન્જિન સરકાર છે.

સુઝુકીના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ કેનિચી આયુકાવાએ ગુજરાતમાં કામ કરવા અંગેની સફળતાની વિગતો આપતાં વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રીના સક્રિય સ્વભાવની પ્રશંસા કરી અને ગુજરાત વિશેના તેમના હકારાત્મક અનુભવને શેર કર્યા હતા. આયુકાવાએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં ફળદાયી પરસ્પર ચર્ચાઓ ગુજરાત અને જાપાન વચ્ચેની ભાગીદારીને મજબૂત બનાવશે.

આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલના ડિરેક્ટર કુબોટા કેજીએ ગુજરાતમાં તેમના રોકાણો અને સ્ટીલ ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ સાથે ગુજરાતમાં તેમની ક્ષમતા વિસ્તારવાની ભાવિ યોજનાઓ વિશે વાત કરી હતી. તેમણે કંપની દ્વારા અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે કરવામાં આવી રહેલી કામગીરી પર ભાર મૂક્યો હતો. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદરે ગુજરાતની ક્ષમતાઓ અને રાજ્યમાં રહેલી તકો અંગેનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. જાપાનમાં ભારતના રાજદૂત સીબી જ્યોર્જે ભારત અને જાપાન વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક સંબંધો, અને ખાસ કરીને જાપાન અને ગુજરાત સાથેના સંબંધો કેવી રીતે બંને પ્રદેશો વચ્ચે મજબૂત સહયોગનું કારણ બને છે તે વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે ભારતમાં જાપાની કંપનીઓની હાજરી વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકારના મુખ્ય સચિવ રાજકુમારે ભારતની ગતિશીલ અને સ્થિતિસ્થાપક અર્થવ્યવસ્થામાં ગુજરાતની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે વાત કરી હતી. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ અને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો ઉલ્લેખ કરીને તેમણે ભારત-જાપાન સહયોગના વિવિધ ઉદાહરણોને ઉજાગર કર્યા હતા.

તેમણે માહિતી આપી હતી કે, ગુજરાત એક એવું સ્થળ છે જ્યાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, જીવનની ઉચ્ચ ગુણવત્તા અને વૈવિધ્યસભર અને ગતિશીલ સંસ્કૃતિના સંદર્ભમાં અસંખ્ય પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો મળે છે.

આ રોડ-શો માં ટોક્યોનાં અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોએ ગુજરાતની ડબલ એન્જીન સરકારની વિકાસ ગાથા જાણીને રોકાણો માટે ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જાપાનના પ્રવાસે ગયેલા ગુજરાત ડેલિગેશનના સભ્યો પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં સેવાભાવી દાતાઓના સહયોગથી નિયમિત રીતે થતી અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયાના મૂળ વતની અને હાલ લેસ્ટર (યુ.કે.) સ્થાયી થયેલા ચંદ્રેશભાઈ શ્રીમાનકર તેમજ ખંભાળિયાના અન્ય વતનીઓ અને દાતા સદગૃહસ્થોના આર્થિક સહયોગથી અહીં અનેક સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

થોડા સમય પૂર્વે અહીંના દરેક જરૂરિયાતમંદ વિસ્તારોમાં મીઠાઈ વિતરણ, દિવાળી તેમજ દશેરાના તહેવારો પ્રસંગે, ફટાકડા તેમજ કપડા વિતરણ, બ્રહ્મ ભોજન વિગેરે અનેક સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં કરાયું હતું.

આ તમામ પ્રવૃત્તિઓ ઉપરાંત જુદા જુદા તહેવારો અને વિવિધ સંજોગોને અનુલક્ષીને અનેકવિધ પ્રવૃત્તિઓ, છાશ વિતરણ, અપંગોને સાધન સહાય, સીઝન પ્રમાણે ફ્રુટ વિતરણ, ધાબળા વિતરણ, જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.


આ સેવા પ્રવૃત્તિઓ માટે ખંભાળિયાના મૂળ વતની અને હાલ યુ.કે.ના ચંદ્રેશભાઈની આગેવાનીમાં, (યુ.કે.) લેસ્ટર સ્થિત દાતાઓ હંસાબેન શ્રીમાનકર, આશાબેન રમેશભાઈ પાબારી, સ્વાતિબેન વિનુભાઈ તન્ના, સ્વ. નારણદાસ પુષ્પાબેન ઠકરાર, કંચનબેન, નીતાબેન વડેરા, જય, રિયા રાયઠઠા, રાહુલભાઈ સચિનભાઈ સોમૈયા, ઈલાબેન દિલીપભાઈ પરમાર, અનવરભાઈ શેખ તેમજ લંડન સ્થિત ભગતસિંહ જાડેજા વિગેરે દાતાઓનો દ્વારા હંમેશા નોંધપાત્ર સહકાર પ્રાપ્ત થાય છે. માત્ર તહેવારો અને વિવિધ વસ્તુઓના વિતરણ કરવા ઉપરાંત આ તમામ દાતાઓના સાથ સહકારથી વૃદ્ધોને આસપાસના વિસ્તારોમાં આવેલા ધાર્મિક સ્થળોએ પ્રવાસે લઈ જવાનું પણ આયોજન કરવામાં આવે છે. અનેક વૃદ્ધાશ્રમોમાં પણ જીવન જરૂરી ચીજ વસ્તુઓ તેમજ રોકડ આર્થિક સહાય પણ નિયમિત રીતે મોકલવામાં આવે છે.

અપંગોને સાધન સહાય તેમજ રક્તદાન કેમ્પ જેવી પણ વિશેષ સેવા પ્રવૃત્તિઓનું આયોજન અહીંની લાયન્સ ક્લબ, સામુદ્રી માતાજી મંદિર ટ્રસ્ટ, વૈષ્ણવ પરિષદ, માનવ સેવા સમિતિ, જલારામ સત્સંગ મંડળ ટ્રસ્ટ જેવી સેવા સંસ્થાઓના સહકારથી નિયમિત રીતે કરવામાં આવે છે.

નાતજાતના ભેદભાવ વગર થતી આ સંપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓને શહેરના આગેવાનો તેમજ સેવાકીય સંસ્થાઓના હોદ્દેદારોમાં આવકારદાયક બની રહી છે.

# નવતર પ્રયોગ: ગ્રામજનોની સુવિધા અર્થે દાતા ગામે વિવિધ યોજનાઓ અંગેનો કેમ્પ યોજાયો





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા તાલુકાના દાતા ગામે સ્થાનિક સેવાભાવી કાર્યકરો દ્વારા વિશિષ્ટ સેવા કેમ્પનું આયોજન કરી, અને ગઈકાલે બુધવારે સાંજથી રાત્રી સુધી વિવિધ યોજનાના કાર્ડ કાઢી આપવા માટેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો.

ખંભાળિયા તાલુકાના દાતા ગામના શ્રમિકો તેમજ ખેડૂતો કે જે દિવસ દરમિયાન કામ કે મજૂરી અર્થે જતા હોય, તેઓ આ કારણોસર વિવિધ યોજનાના કાર્ડથી વંચિત રહી જાય છે.

આ માટે દાતા ગામના મહિલા સરપંચ ગાયત્રીબા શિવુભા જાડેજા તેમજ ગામના ઉપસરપંચ અને જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભરવાડ દ્વારા નવતર સેવા અભિગમ દાખવીને ગઈકાલે બુધવારે સાંજે ૬ વાગ્યાથી આ વિસ્તારના રહીશોને નવું પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ (પી.એમ.જે.વાય.) અને આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ (એ.બી.એચ.એ.) કાર્ડ કાઢી આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ રાત્રિના દસેક વાગ્યા સુધી ચાલ્યો હતો અને નોંધપાત્ર કહી શકાય તેટલા ૨૦૦ જેટલા આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. આ માટે હેલ્થ ટીમના નારણભાઈ ગઢવી, અવનીબેન નકુમ, કમલભાઈ કંટારીયા વિગેરેએ પણ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# ભાણવડના કબરકા ગામે ખેડૂત પરિવારના મકાનમાં તસ્કરી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ભાણવડ તાલુકાના કબરકા ગામે મંગળવારે સવારે કોઈ તસ્કરોએ સગાઈ પ્રસંગમાં ગયેલા એક ખેડૂત આસામીના બંધ મકાનમાં પ્રવેશ કરી, અહીં રાખવામાં આવેલી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૩.૨૧ લાખનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આ પ્રકરણ અંગે જાણવા મળતી વિગત મુજબ ભાણવડથી આશરે ૨૨ કિલોમીટર દૂર આવેલા કબરકા ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા વરવાભાઈ પરબતભાઈ નંદાણીયા નામના ૫૫ વર્ષના આહિર આધેડ મંગળવારે સવારે ૯ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા દરમિયાન તેમનું મકાન બંધ કરીને દંપતી સાથે એક સગાઈના પ્રસંગમાં બહાર ગયા હતા. ત્યારે પાછળથી કોઈ તસ્કરોએ તેમના ઘરમાં પ્રવેશ કરી અને ઘરના રૂમના દરવાજાના નકુચા કોઈ ધારદાર હથિયારો વડે તોડી પાડ્યા હતા.

અહીં તસ્કરોએ મકાનના બંને રૂમમાં રહેલો તમામ માલસામાન વેર વિખેર કરી નાખ્યો હતો. એક રૂમમાં રહેલા નાના કબાટ તથા પેટારામાં રાખવામાં આવેલા રૂપિયા ૪૦ હજાર રોકડા તથા રૂપિયા ૨.૫૫ લાખની કિંમતના આશરે સાડા આઠ તોલા સોનાના હાર તથા બુટ્ટીની જોડી, રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો સોનાનો અડધા તોલાનો ચેન, રૂ. ૫,૦૦૦ ની કિંમતના બે ગ્રામના સોનાના ઠોરીયા, રૂ. ૩૦૦૦ ની કિંમતનો સોનાનો ઓમકાર તેમજ રુદ્રાક્ષ, રૂપિયા ૧,૦૦૦ ની કિંમતના ચાંદીના કડલાની જોડી, રૂપિયા ૧,૦૦૦ ની કિંમતના ચાંદીના ૧૧ નંગ સિક્કા તેમજ રૂ. ૧,૦૦૦ ની કિંમતની એક જોડી ચાંદીની ઝાંઝરી વિગેરે મળી કુલ રૂપિયા ૩ લાખ ૨૧ હજારનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આ પ્રકરણમાં પોલીસે ડોગ સ્કવોડ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાતોની પણ સેવા લીધી હતી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ મકાન માલિક વરવાભાઈ નંદાણીયાના બે સંતાનો પૈકી એક અમદાવાદ તથા એક પોરબંદર બેંકમાં નોકરી કરે છે. સવારના સમયે આ દંપતી તેઓનું ઘર બંધ કરી અને ગામમાં એક સગાઈ પ્રસંગે ગયા હતા ત્યાં પાછળથી તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનું પણ વધુમાં જાણવા મળ્યું છે. આના અનુસંધાને અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તેમજ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આ પ્રકરણમાં કોઈ જાણભેદુ સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ આરંભી હતી.

# શીવા ગામમાં પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લેતા જિલ્લા કલેકટર



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેને પગલે જિલ્લાઓમાં પણ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પણ સતત કાર્યશીલ છે. આ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા ભાણવડ તાલુકાના શીવા ગામમાં આવેલા ઓમ પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લઇ અને ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત તાજેતરના રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા તાલુકાઓના પ્રાકૃતિક કૃષિના સાત મોડેલ ફાર્મમાં કુલ ૧૪૪૫ જેવા ખેડૂતોએ મુલાકાત લીધી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ હેઠળ જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા પ્રેરાય તેમજ પોતાનું આર્થિક ઉપાર્જન કરે તે માટેનું તાંત્રિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.


આ પ્રસંગે દરેક તાલુકામાંથી એક પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોએ તેમની પોતાની સાફલ્ય ગાથા રજુ કરીને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ ખેડૂતોને મીલેટ ધાન્ય પાકો અને તેના મહત્વ વિશે જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ રવિ કૃષિ મહોત્સવના પહેલા અને બીજા દિવસે પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મની મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા શીવા ગામમાં ઓમ પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લઈને ફાર્મના ખેડૂત વિરાભાઈ હમીરભાઈ રાવલીયા તેમજ બહોળી સંખ્યામાં હાજર રહેલ ખેડૂતોની સાથે પ્રાકૃતિક કૃષિ વિષયક ગોષ્ઠી કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ સાથે ખંભાળિયા તાલુકામાં માધવ પ્રાકૃતિક ફાર્મ, રામનગરના જીતેન્દ્રભાઈ કણઝારીયા, ભાણવડ તાલુકામાં શ્રીજી આધ્યાત્મિક ફાર્મ, વાનાવડના નવીનભાઈ ધીરજલાલ નકુમ, કલ્યાણપુર તાલુકામાં બારાડી પ્રાકૃતિક ફાર્મ, ભોપલકાના હરપાલસિહ રામસંગ જાડેજા, ગોકલપરના નકુમ પ્રાકૃતિક ફાર્મના સંજયભાઈ વેલાભાઈ નકુમ, દ્વારકા તાલુકામાં ઓધવજી પ્રાકૃતિક ફાર્મ, ધિકણીના રામજીભાઈ ઓ. મજીઠીયા, સીયારામ નેચરલ ફાર્મ, ટુપણીના રામશીભાઈ મુરૂભાઈ ચાવડાના મોડલ ફાર્મની મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેમાં પ્રાકૃતિક ખેતીથી તેઓ તેમની જમીનમાં ખેતી કઈ રીતે કરે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે સફાઈ ઝુંબેશ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નિર્મળ ગુજરાતના આપેલા વિચારને "સ્વચ્છતા હી સેવા" અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને સ્વચ્છ- સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરવા સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે આગામી બે મહિના સુધી રાજયવ્યાપી સ્વચ્છતા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેની ઉજવણી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કરવામાં આવી રહી છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન થકી દેવભૂમિ દ્વારકા જિલ્લાને સ્વચ્છ બનાવવા ખંભાળિયા તાલુકાના રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી. સાથે ભાણવડ તાલુકાના રાણપર તથા કલ્યાણપુર તાલુકાના ગુરગઢ ગામે ગાંડા બાવળ હટાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

રોડ સપાટીનું સમારકામ

અનુ. નં.1: ઈ-ટેન્ડર નં. 127/2023-24. કામનું નામ: GM ... LC ની રોડ સપાટીનું સમારકામ ... ટેન્ડર મૂલ્ય (રૂ.): ₹ 76,20,143.88, ઇંએમડી (રૂ.): ₹ 1,52,400.00, બિડિંગ શરૂ થવાની તારીખ: 04-12-2023, બિડિંગ બંધ થવાની તારીખ: 18-12-2023. ... www.ireps.gov.in પર 24-11-2023 ના રોજ અપલોડ કરવામાં આવી છે.

BVP-131

twitter.com/WesternRly

**केंद्रीय विद्यालय, फुदम, दीव (यु.टी.)**
**KENDRIYA VIDYALAYA, FUDAM, DIU (U.T.)**
शिक्षा मंत्रालय, भारत सरकार
Ministey of Education , Govt. of India
दूरभाष / Phone : (02875)253348
फुदम / Fudam, दीव / Diu, पिन / PIN : 362520 वेबसाइट / Website :diu.kvs.ac.in ईमेल : kv_diu@yahoo.co.in

के.वी. स्कूल कोड / KV School Code : 1017 सी.बी.एस.ई. संबद्धता सं/C.B.S.E. Affiliation No. : 3100001

**साक्षात्कार/Walk-in-Interview**
**अस्थायी / अंशकालीन अनुबंधित हेतु : वर्ष 2023-24**

| दिनांक तथा समय | पद |
| --- | --- |
| दिनांक : 02-12-2023<br>समय:-(दस्तावेज़ सत्यापन - प्रातः 09:00 बजे से 10:00 बजे तक)<br>(साक्षात्कार- प्रातः 11:00 बजे से दोपहर 02:00 बजे तक) | पदनाम:-<br>स्नातकोत्तर शिक्षक (PGT) - भौतिक शास्त्र, रसायन शास्त्र,<br>प्रशिक्षित स्नातक शिक्षक(TGT)- गणित, संस्कृत.<br>प्राथमिक शिक्षक ( PRT) |

नोट :
1. शैक्षिक योग्यता एवं अन्य जानकारी के लिए हमारी वेबसाईट https://diu.kvs.ac.in/ या विद्यालय का नोटिस बोर्ड देखें।
2. अंशकालिक शिक्षकों के लिए साक्षात्कार के.वि.एस. नियम और शर्तों के अनुसार है। इच्छुक उमीदवार सत्यापन के लिए मूल के साथ सभी प्रमाणपत्रों की फोटोकापी प्रतियों का एक सेट और दो पासपोर्ट साइज फोटो लाए।
3. पंजीकरण समय: प्रातः 09:00 बजे से १०:०० बजे तक होगा।
4. अभ्यर्थी हिन्दी तथा अंग्रेजी माध्यमों में पढ़ाने में सक्षम होना चाहिए तथा संगणक प्रयोग में सक्षम होना चाहिए।
5. सभी पद पूर्णतः अंशकालिक अनुबंध आधार पर हैं तथा भविष्य में नियुक्ति नियमित नहीं होगी।
6. अंशकालिक रूप में चयनित अभ्यर्थी की नियुक्ति प्रशासनिक कारणों से बिना किसी पूर्व सूचना के कभी भी समाप्त की जा सकती हैं।
7. चयनित को पुलिस वेरिफिकेशन कर विद्यालय में जमा करना आवश्यक होगा।
8. सीटीईटी वांछनीय है।
9. साक्षात्कार हेतु किसी भी प्रकार का T.A./D.A. देय नहीं है |

प्राचार्य

# જૂનાગઢના ખામધ્રોળ સહિતના વિસ્તારોમાં દિપડાના આંટાફેરાથી લોકોમાં ભય







## જૂનાગઢ નજીકના વિસ્તારો તેમજ જંગલ વિસ્તારમાં દિપડાના હુમલા રોજીંદી ઘટના : લોકોએ ઘરની બહાર કેમ નીકળવું ?

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગિરનાર જંગલની નજીક આવેલા જૂનાગઢ શહેરમાં હવે દિપડાના આંટાફેરા વધી ગયા છે. જંગલ વિસ્તાર મુકીને દિપડો હવે રહેણાંક વિસ્તાર તરફ આવી ચડતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં જ દોલતપરા વિસ્તારમાં દિપડાની હુમલાની ઘટના બની હતી. જોકે, માતા-પિતાએ હિંમત દાખવી અને પોતાના બાળકને દિપડાના પંજામાંથી મુકત કરાવ્યું હતું અને બાળકને સમયસરની સારવાર અપાવી હતી. આ ઘટનાને કારણે દોલતપરા વિસ્તારમાં લોકોમાં ભય ઉઠવા પામેલ છે તો બીજી તરફ ગઈકાલે સાંજના સમયે ખામધ્રોળ રોડ ૬૬ કેવી પાસેના કેબીજ સોસાયટીમાં વાડી વિસ્તારમાંથી એક દિપડો આવી ચડયાનું સ્થાનિક રહીશો તેમજ એક વાડીમાં કામ કરતા શ્રમિકે પણ દિપડો નિહાળ્યો હોવાનું બહાર આવતા ખામધ્રોળ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો હતો.


દરમ્યાન સ્થાનિક રહેવાસી એવા સમીરભાઈ સમાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં દિપડો જોયાની વાત મળતા તાત્કાલીક વન વિભાને પણ આ અંગેની જાણ કરવામાં આવી હતી. વન વિભાગના એક કર્મચારી સ્થળ ઉપર આવ્યા હતા અને તેઓએ રાતે પાંજરૂ મુકયું હતું.

આ લખાય છે ત્યાં સુધી હજુ દિપડો પાંજરે પુરાયો નથી. બીજી તરફ તાજેતરમાં જ ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો મેળો યોજાયો હતો. આ મેળા દરમ્યાન પણ એક બાળકી ઉપર દિપડાએ હુમલો કરી તેને મોતને હવાલે કરી હતી. તો બીજી તરફ ભેંસાણ નજીક પણ દિપડાના હુમલાના બનાવમાં એક બાળકીનું મૃત્યું થયું છે. જંગલ વિસ્તાર તેમજ જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં દિપડાની અવર-જવર અને હુમલાના બનાવો સતત બની રહ્યા છે.


જૂનાગઢ શહેરમાં આવેલા દોલતપરા, ખામધ્રોળ રોડ, ૬૬ કેવી પાસેના કેબ્રિજ સોસાયટીમાં વાડી વિસ્તારમાં પણ દિપડો નજરે પડયો છે ત્યારે આ દિપડો કોઈને નુકસાન પહોંચાડે તે પહેલા વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગણી છે. દિપડાના આંટાફેરાને પગલે સોસાયટી વિસ્તારમાં ભયનો માહોલ ઉઠવા પામ્યો છે.

# જૂનાગઢના વિલિંગ્ડન ડેમ વિસ્તારમાં પાંચ સાવજોએ દેખા દીધી

## ચોમાસા પછી પહેલીવાર ડેમના કાંઠે જોવા મળેલા પાંચેય સાવજોના ગ્રુપ ઉપર વન વિભાગની ચાંપતી નજર







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તળેટી વિસ્તારમાં તેમજ ગિરનાર દરવાજા નજીક અવાર-નવાર જંગલના રાજા વનરાજ અને તેમનો પરિવાર દેખા દેતો હતો અને છેલ્લા ચાર-પાંચ મહિનાથી વનરાજની લટારો બંધ થઈ હતી. આ દરમ્યાન ચોમાસા પછી ગઈકાલે વિલિંગ્ડન ડેમ વિસ્તારમાં એક સાથે પાંચ જેટલા વનરાજો જોવા મળ્યા છે. ચોમાસા પછી પહેલીવાર ડેમના કાંઠે વનરાજે ધામા નાખ્યા છે. દાતારના ડુંગરા ઉતરીને પાંચ સાવજો વિલિંગ્ડન ડેમ વિસ્તારમાં ઉતરી પડયા હોવાનું જાણવા મળે છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, ચોમાસા પછી પહેલીવાર ગઈકાલે વિલિંગ્ડન ડેમ વિસ્તારમાં ફરીવાર સિંહોની અવર-જવર જોવા મળી છે.

ગઈકાલે સવારથી દાતારના ડુંગર ઉતરીને પાંચ જેટલા સાવજોએ અલગ-અલગ વિસ્તારોમાં આંટાફેરા મારતા નજરે ચડતા વન વિભાગ દ્વારા હાલ પાંચેય વનરાજ ઉપર વોચ ગોઠવી મોનીટરીંગ શરૂ કર્યું છે. ગિરનાર અભયારણ્યમાં ૧૦૦થી વધુ દિપડાએ અને ૫૦થી વધુ સાવજોની વસવાટ છે. જેમાં અમુક સિંહો દાતારના ડુંગરામાં વસે છે.

આ સિંહો અનેકવાર તે વિસ્તારમાંથી ઉતરીને વાઘેશ્વરી મંદિર તરફ અને તળેટી વિસ્તારમાં અને તો બીજી તરફ વિલિંગ્ડન ડેમ તરફના કાંઠા વિસ્તારમાં આવી ચડતા હોય છે ત્યારે તાજેતરમાં ચોમાસાની સિઝનમાં સિંહોની અવર-જવર ઓછી થયેલ હતી. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીની મૌસમ શરૂ થતા સિંહો ફરી નીચે દાતારની તળેટી વિસ્તારમાં આવેલ ડેમ સાઈટ ઉપર નજરે ચડી રહ્યા છે. ગઈકાલે સવારથી સાંજ સુધીમાં અનેકવાર અલગ-અલગ જગ્યાએ જેમ કે, ડેમના કાંઠા વિસ્તાર, દાતારની સીડીઓ ઉપર અને ડેમના ગેઈટ તરફના જંગલ વિસ્તારમાં પાંચ જેટલા સિંહોના એક ગ્રુપના આંટાફેરા જોવા મળ્યા હતા. હાલમાં આ પાંચેય સિંહોના ગ્રુપ વન વિભાગ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

# સુખનાથ ચોક ખાતે વિકસીત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કેમ્પ યોજાયો





## વિવિધ યોજનાઓનો ૮૦૦થી વધુ લોકોએ લાભ લીધો

જૂનાગઢ તા. ૩૦

ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલી છે. જનમાનસ સુધી સરકારશ્રીની આ કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધે એ માટે વિકસીત ભારત સંકલ્પયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા જૂનાગઢ ખાતે તા.૨૯-૧૧-૨૦૨૩ ને બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે આ કેમ્પનું આયોજન ધારાગઢ રોડ, ફરઝાના હોલની સામે ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ હતું. જેમાં પીએમ સ્વનિધી આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પીએમ આવાસ યોજના, આધાર કાર્ડ (માત્ર સુધારો) સહિતની તમામ યોજનાઓનો લાભ આપવામાં આવેલ અને ૮૦૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. વોર્ડ નં.૩ ના કોર્પોરેટર અબ્બાસભાઈ કુરેશી, અસલમભાઈ કુરેશી, શરીફાબેન કુરેશી તેમજ સામાજીક કાર્યકર્તા ઈબ્રાહીમભાઈ કુરેશી, વહાબભાઈ કુરેશી, રાઈફખાન, ઈમ્તીયાઝભાઈ કુરેશી સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. અને વિવિધ યોજનાઓનો ૮૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

# જૂનાગઢના જોષીપરાની સગીરાનું અપહરણ કેસમાં આરોપીની અટક, જેલ હવાલે કરાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જોષીપરા વિસ્તારની સગીરાનું અપહરણ કરી લઈ જનાર આરોપીની પોલીસે અટક કરી તેને જેલમાં મોકલી આપ્યો હતો. શહેરનાં જોષીપરા વિસ્તારમાં રહેતા એક પરિવારની ૧૭ વર્ષની સગીર વયની દીકરીને ૨૩ નવેમ્બરની રાત્રે ૮ વાગ્યે શહેરમાં બહાઉદ્દીન કોલેજ રોડ વિસ્તારમાં બોલાવી રામેશ્વર સોસાયટીનો રીઝવાન હસનભાઈ ચોટીયારા નમનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી જઈ અપહરણ કરી ગયો હતો. આ અંગે તરૂણીની માતાએ ફરિયાદ કરતા સી ડિવિઝન પોલીસે કલમ ૩૬૩, ૩૬૬ તેમજ પોકસો એકટ હેઠળ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ફરિયાદના પગલે સીપીઆઈ આર.એમ. વસાવાએ તપાસ હાથ ધરીને મંગળવારે રીઝવાનને ઝડપી લઈ પુછપરછ આરોપી સગીરાનું અપહરણ તેણીને ભવનાથ, સરકડીયા, ભેસાણ, અમરેલી સહિતના વિસ્રોમાં ફરવા લઈ ગયો હોવાનું ખુલ્યું હતું. પોલીસે આ ઈસમને બુધવારે કોર્ટમાં રજુ કરતા અદાલતે તેને જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

# જૂનાગઢમાં પડી જતા યુવતીનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢમાં હાઉસિંગ સોસાયટીમાં રહેતા દિવ્યાબેન કિશોરભાઈ સોલંકી(ઉ.વ.૩૦) ઘરે જમતા-જમતા પડી જતા તેમને સરકારી હોસ્પિટલ લાવવામાં આવતા ફરજ ઉપરના ડોકટરે તેઓને મૃતપાય જાહેર કરેલ છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**સર્પ દંશથી મૃત્યું**

ભેંસાણ તાલુકાના ખજુરી હડમતીયા ગામની સીમમાં રહેતા સેજલબેન ચંપાલાલ નરપથ (ઉ.વ.૬)ને સાપ કરડી જતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું છે. ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઝેરી દવા પીતા મૃત્યું**

ભેંસાણ તાલુકાના સામતપરા ગામે રહેતા તૃષ્ણાબેન બાબુભાઈ ગરસડીયા (ઉ.વ.૧૭) ને સગપણ કરવું ન હોય અને તેના બાપુજીને બધા સગપણની વાત કરતા હોય તે બાબતે લાગી આવતા વાડીએ પડેલ બકાલામાં છાંટવાની દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગ્રેજ્યુએટ પરિણીતાને જૂનાગઢનાં સાસરિયા દ્વારા ત્રાસ, ધમકી આપવા અંગેની નોંધાઈ પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

ગ્રેજયુએટ પરિણીતાને જૂનાગઢનાં સાસરિયા દ્વારા ત્રાસ આપી અને ધમકી આપી મારકુટ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે પતિ, સાસુ-સસરા સહિત ૪ સામે કાર્યવાહી કરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, કેશોદ તાલુકાના મઢડા ગામે હાલ પિયરમાં રહેતા અને બીએ ગ્રેજયુએટ થયેલા નીતાબેન જેન્તીભાઈ રાઠોડ(ઉ.વ.૨૭)ના લગ્ન જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલ નીલકંઠ સોસાયટીમાં રહેતા વિપુલભાઈ ગોવિંદભાઈ સોલંકી સાથે ૧૭ જાન્યુઆરીના રોજ થયેલ પરંતુ લગ્નના બે માસ બાદ સસરા ગોવિંદભાઈ રાજભાઈ, સાસુ હર્ષાબેન તથા સાસુના બેન મમતાબહેન અને પતિએ સંભળામણી શરૂ કરેલ અને અમારે તને જોઈતી નથી તેમ કહેતા હતા અને પતિ વિપુલભાઈ અવાર-નવાર ઢોર માર મારી શારિરીક માનસિક ત્રાસ આપી અને ઘરમાંથી કાઢી મુકી, જો તું હવે અહીં આવીશ તો તને પતાવી દઈશું એવી ધમકી આપી હતી. આ અંગે પરિણીતાએ ફરિયાદ કરતા કેશોદ પોલીસે તમામની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૯૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

અદ્યતન બંગલો વેચવાનો છે

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.